કલાપૂર્ણ સ્વાધ્યાય

૯

ચાર પ્રકરણ સાર્થ

• દિવ્યાશિષ દાતા •

પ.પૂ. આધ્યાત્મયોગી આ.ભ.શ્રી
કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

• શુભાશિષ દાતા •

પ.પૂ. મધુરભાષી આ.ભ.શ્રી
કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા.

• સંપાદક •

પૂ. મુનિશ્રી અમિતયશ વિજયજી મ.સા.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ

સદ્ગુરુભ્યો નમઃ ॥

કલાપૂર્ણ સ્વાધ્યાય

કર્મગ્રંથ સાર્થ - ૫ - ૬

શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ.

દિવ્યાશિષ દાતા

પ.પૂ.અધ્યાત્મયોગી આ.ભ.શ્રી.

વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ દાતા

પ.પૂ. મધુરભાષી આ.ભ.શ્રી

વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

પૂ.મુનિશ્રી અમિતયશ વિજયજી મ.સા.

નકલ : ૧૦૦૦ કિંમત : રૂા. ૧૦-૦૦

સંપાદક : મુનિશ્રી અમિતયશ વિ.મ.સા.
સહાયક : મુનિશ્રી આગમયશ વિ.મ.સા.

: શુભ આલંબન :

શ્રી શંખેશ્વર ગુરૂમંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે

: પ્રકાશક :

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ

મદ્રાસ.

શ્રી કલાપૂર્ણ સુરી. આરાધક મંડળ - વિક્રોલી

● મુદ્રક ●

પાર્શ્વ કોમ્પ્યુટર ગ્રાફીક્સ
૯, અનુરાધા ચેમ્બર્સ, ખાડીયા ચાર રસ્તા પાસે,
અમદાવાદ. (ફોન) ૯૨૨૭૨ ૧૧૭૯૭

પ્રસ્તાવના

આપણા જીવનમાં જ્ઞાન અને ક્રિયા બંનેની જરૂર છે તેમ મૂળ ગાથા અને અર્થ બંનેની જરૂર છે. મૂળ ગાથા શીખીએ તોજ અર્થ શીખવાનું મન થાય. આ નાનકડી સ્વાધ્યાયની પુસ્તિકામાં કર્મગ્રંથના અર્થ બહુજ ટુંકમાં આપવામાં આવ્યા છે તે ચતુર્વિધ સંઘમાં ઉપયોગી બનશે.

આ અર્થનો અભ્યાસ કરીને જે આત્મા તેનું ચિંતન કરશે તે ઘણા પાપોથી બચી શકશે. પૂજ્ય શ્રી અંત્યારે આપણી પાસે હાજર નથી પરંતુ તેમના જીવનમાં જે સ્વાધ્યાયનો રસ હતો તે આજ પણ યાદ આવે છે. આવો રસ આપણે પણ જગાડીએ અને આત્માને પાવન બનાવીએ. જિનાજ્ઞા વિરુધ્ધ કાંઈ છપાવ્યુ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં

પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતી.

શંખેશ્વર જૈન ઉપાશ્રય

સંવત ૨૦૬૨

મુનિશ્રી અમિતયશ વિજયજી

જ્ઞાન ભક્તિમાં લાભ લેનાર

આ પુસ્તક શ્રી અમદાવાદ
મહાસુખનગર
શ્વે. મૂ. પૂ. જૈન સંઘના જ્ઞાન ખાતાની
રકમમાંથી છપાવેલ છે.
આ પુસ્તકનો ઉપયોગ પૂ. સાધુ
સાધ્વીજી મ. સા. કરી શકશે.

કોઈ મુમુક્ષુ કે સંસારી ભાઈ બહેનને
ઉપયોગ કરવો હોય તે તેની પૂરી કિંમત
જ્ઞાન ખાતામાં મુકીને કરી શકશે.

શતક નામા પંચમ કર્મગ્રંથ

નમિઅ જિણં ધુવબંધો, -દયસંતા ઘાઇ પુન્નપરિઅત્તા ।
સેઅર ચઉહવિવાગા, વુચ્છં બંધવિહ સામી અ ॥૧॥

તીર્થંકર દેવને નમસ્કાર કરીને ધ્રુવબંધી, ધ્રુવઉદયી, ધ્રુવસત્તા, ઘાતી, પુન્ય અને પરાવર્તમાન પ્રકૃતિ તેની પ્રતિપક્ષી પ્રકૃત્તિસહિત, તથા ચાર પ્રકારે વિપાક દેખાડનારી પ્રકૃત્તિ, ચાર બંધવિધિ, બંધસ્વામિત્વ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ વગેરે કહીશું. ॥ ૧ ॥

વન્નચઉ તેઅકમ્મા, ગુરુલહુ નિમિણોવઘાયભયકુચ્છા ।
મિચ્છ-કસાયા-વરણા, વિગ્ઘં ધુવબંધિ સગચત્તા ॥૨॥

વર્ણચતુષ્ક, તેજસ કાર્મણ, અગુરુલઘુ નિર્માણ ઉપઘાત ભય દુગંછા મિથ્યાત્વ મોહનીય સોળ કષાય પાંચ જ્ઞાનાવરણિય નવ દર્શનાવરણીય પાંચ અંતરાય આમ ધ્રુવબંધી સુડતાલીસ છે.

તણુવંગાગિઇ-સંઘયણ, જાઇ-ગઇ-ખગઇ પુવ્વિ જિણુસાસં ।
ઉજ્જોઆયવ-પરઘા, તસવીસા ગોઅવેઅણિઅં ॥૩॥

ત્રણ શરીર, ત્રણઉપાંગ, છ સંસ્થાન, છ સંઘયણ, પાંચ જાતિ, ચાર ગતિ, બે વિહાયોગતિ, ચાર આનુપૂર્વી, જિન નામકર્મ, શ્વાસોચ્છવાસ નામકર્મ, ઉદ્યોત નામકર્મ, આતપ નામકર્મ, પરાઘાત નામકર્મ, ત્રસવીશક, બે ગોત્રકર્મ, બે વેદનીયકર્મ ॥ ૩ ॥

હાસાઇજુઅલદુગ વેઅ-આઉ તેવુત્તરી અધુવબંધી (ધા) ।
ભંગા અણાઇસાઇ, અણંત સંતુત્તરા ચઉરો ॥૪॥

હાસ્યાદિ બે યુગલ, ત્રણ વેદ અને ચાર આયુષ્યકર્મ; એ તહોંતેર અધ્રુવબંધી પ્રકૃતિ છે. (એ ધ્રુવબંધી, અધ્રુવબંધી, ધ્રુવઉદયી અને અધ્રુવઉદયી પ્રકૃતિના બંધને આશ્રયને) અનાદિ અને સાદિને અનંત અને સાંત ઉત્તર પદમાં જોડેલા છે એવા ચાર ભાંગા થાય છે. ॥ ૪ ॥

પઢમબિઆધુવઉદઈસુ, ધુવબંધિસુ તઈઅવજ્જ ભંગતિગં ।
મિચ્છંમિ તિન્નિ ભંગા, દુહાવિ અધુવા તુરિઅ-ભંગા ॥૫॥

ધ્રુવોદયી પ્રકૃતિને વિષે પહેલો અને બીજો ભાંગો હોય, ધ્રુવબંધી પ્રકૃતિને વિષે ત્રીજો વર્જીને ત્રણ ભાંગા (પહેલો, બીજો, ચોથો) હોય, મિથ્યાત્વ મોહનીયને વિષે ત્રણ ભાંગા હોય અને બંને પ્રકારે અધ્રુવપ્રકૃતિ ચોથા ભાંગાવાળી છે ॥ ૫ ॥

નિમિણ થિરઅથિર અગુરુઅ, સુહઅસુહ તેઅ-કમ્મ-ચઉવન્ના ।
નાણંતરાય-દંસણ, મિચ્છં ધુવઉદય સગવીસા ॥૬॥
થિરસુભિઅર વિણુ અધુવ-બંધી મિચ્છવિણુ મોહધુવબંધી ।
નિદ્દોવઘાય-મીસં, સમ્મં પણનવઇ અધુવુદયા ॥૭॥

સ્થિર, શુભ અને તેથી ઈતર તે અસ્થિર ને અશુભ એ ચાર વિના અધ્રુવબંધી ૬૯ અને મિથ્યાત્વ વિના મોહનીય કર્મની ધ્રુવબંધી ૧૮, નિદ્રા ૫, ઉપઘાતનામ, મિશ્ર મોહનીય, સમકિત મોહનીય કુલ ૯૫ અધ્રુવોદયી જાણવી. ॥૬-૭॥

તસવન્નવીસ-સગતેઅ-કમ્મ ધુવબંધી સેસ વેઅતિગં ।
આગિઈ-તિગ-વેઅણિઅં, દુજુઅલ-સગઉરલુસાસચઊ ॥૮॥

ત્રસવીશક, વર્ણવીશક, તૈજસ કાર્મણ સપ્તક, બાકીની (૪૧) ધ્રુવબંધી, ત્રણ વેદ, બે વેદનીય, બે યુગલ, ઔદારિક સપ્તક, ઉશ્વાસ ચતુષ્ક; ॥ ૮ ॥

ખગઈ તિરિદુગ નીઅં, ધુવસંતા સમ્મ મીસ મણુય દુગં ।
વિઉવ્વિક્કાર જિણાઊ, હારસગુચ્ચા અધુવસંતા ॥૯॥

ખગતિદ્વિક, તિર્યંચદ્વિક, નીચગોત્ર એ (૧૩૦ પ્રકૃતિ) - ધ્રુવસત્તા જાણવી, સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મનુષ્યદ્વિક, વૈક્રિય એકાદશ, જિન નામકર્મ, ચાર આયુષ્ય આહારક સપ્તક અને ઉચ્ચગોત્ર; એ (૨૮ પ્રકૃત્તિ) અધ્રુવસત્તા કહેવાય છે. ॥૯॥

પઢમતિગુણેસુ મિચ્છં, નિઅમા અજયાઈઅટ્ઠગે ભજ્જં ।
સાસાણે ખલુ સમ્મં, સંતં મિચ્છાઈદસગે વા ॥૧૦॥

પહેલા ત્રણ ગુણઠાણાને વિષે મિથ્યાત્વ મોહનીય નિશ્ચે હોય. અવિરતાદિ આઠ ગુણઠાણે ભજના જાણવી. સાસ્વાદન ગુણઠાણે સમ્યકત્વ મોહનીય નિશ્ચે વિદ્યમાન હોય. મિથ્યાત્વાદિ દશ ગુણઠાણે વિકલ્પે હોય. ॥ ૧૦ ॥

સાસણ-મીસેસુ ધુવં, મીસં મિચ્છાઈનવસુ ભયણાએ ।
આઇદુગે અણ નિઅમા, ભઈઆ મીસાઇનવગંમિ ॥૧૧॥

સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણે નિશ્ચે મોહનીય હોય, મિથ્યાત્વાદિ નવ ગુણઠાણે વિકલ્પે હોય. પહેલા બે ગુણઠાણે અનંતાનુબંધી કષાય નિશ્ચે હોય, મિશ્રાદિ નવ ગુણઠાણે ભજના જાણવી. ॥ ૧૧ ॥

આહારસત્તગં વા સવ્વગુણે બિતિગુણે વિણા તિત્થં ।
નોભયસંતે મિચ્છો, અંતમુહુત્તં ભવે તિત્થે ॥૧૨॥

આહારક સપ્તક સર્વ ગુણઠાણાને વિષે વિકલ્પે હોય. બીજા અને ત્રીજા ગુણઠાણા વિના બાકીના સર્વ ગુણઠાણાને વિષે તીર્થંકરનામકર્મ વિકલ્પે હોય. બન્ને (આહારક સપ્તક અને જિન નામકર્મ) ની સત્તા હોય ત્યારે મિથ્યાત્વી ન થાય, તીર્થંકર નામકર્મ સત્તામાં હોય ત્યારે અંતર્મુહૂર્ત પર્યંત મિથ્યાત્વી થાય. ॥ ૧૨ ॥

કેવલજુઅલાવરણા, પણ નિદ્દા બારસાઇમકસાયા ।
મિચ્છંતિ સવ્વઘાઇ, ચઉનાણ-તિદંસણાવરણા ॥૧૩॥

કેવલયુગલના આચ્છાદનો બે, પાંચ નિદ્રા, પહેલા બાર કષાયો અને મિથ્યાત્વ એ પ્રકારે (વીશ પ્રકૃતી) સર્વઘાતી હોય. ચાર જ્ઞાનના અને ત્રણ દર્શનના આવરણો; ॥ ૧૩ ॥

સંજલણ નોકસાયા, વિગ્ઘં ઇઅ દેસઘાઇ ય અઘાઇ ।
પત્તેયતણુટ્ઠાઊ, તસવીસા ગોઅદુગ-વન્ના ॥૧૪॥

સંજ્વલન કષાયો. નવ નોકષાયો અને પાંચ

અંતરાય, એ (પચીશપ્રકૃતિ) દેશઘાતી જાણવી. આઠ પ્રત્યેક પ્રકૃતિ, શરીરાદિ અષ્ટક, ચાર આયુષ્ય, ત્રસવીશક, ગોત્રદ્વિક અને વર્ણચતુષ્ક એ (૭૫ પ્રકૃતિ) અઘાતી જાણવી. ॥ ૧૪ ॥

સુરનરતિગુચ્ચ સાયં, તસદસ તણુવંગ વઇર-ચઉરંસં ।
પરઘા-સગતિરિઆઊ, વન્નચઉ પણિંદિસુભખગઇ ॥૧૫॥
બાયાલ પુણ્ણપગઇ, અપઢમસંઠાણખગઇ-સંઘયણા ।
તિરિદુગ-અસાય-નીઓ-વઘાય ઇગ વિગલ નિરયતિગં ॥૧૬॥
થાવરદસ વન્નચઉક્ક,ઘાઇ પણયાલ સહિઅ બાસીઇ ।
પાવપયડિત્તિ દોસુ વિ, વન્નાઇ-ગહા સુહા અસુહા ॥૧૭॥
નામ ધુવબંધિનવગં, દંસણ પણનાણ વિગ્ઘ પરઘાયં ।
ભય-કુચ્છ-મિચ્છસાસં, જિણ ગુણતીસા અપરિઅત્તા ॥૧૮॥
તણુ અટ્ઠ વેઅ દુજુઅલ, કસાય ઉજ્જોઅ ગોઅદુગ નિદા
તસવીસાઉ પરિત્તા, ખિત્તવિવાગાણુપુવ્વીઓ ॥૧૯॥

શરીરાદિ અષ્ટક, ત્રણ વેદ, બે યુગલ, સોળ કષાય, ઉદ્યોતદ્વિક, ગોત્રદ્વિક, પાંચ નિદ્રા, ત્રસવીશક, ચાર આયુષ્ય એ (૯૧ પ્રકૃતિ) પરાવર્તમાન જાણવી. ચાર આનુપૂર્વીઓ ક્ષેત્રવિપાકી છે. ॥ ૧૯ ॥

ઘણઘાઇ દુગોઅ જિણા, તસિઅતિગસુભગદુભગચઉસાસં ।
જાઇતિગ જિઅવિવાગા, આઊ ચઉરો ભવવિવાગા ॥ ૨૦ ॥

૪૭ ઘનઘાતી, ગોત્રદ્વિક, જિનનામકર્મ, ત્રસત્રિક, સ્થાવરત્રિક, સુભગચતુષ્ક, દુર્ભગચતુષ્ક, શ્વાસોશ્વાસ નામકર્મ જાતિત્રિક એ (૭૮ પ્રકૃતિ) જીવવિપાકી છે. અને ચાર આયુષ્ય ભવવિપાકી જાણવી. ॥ ૨૦ ॥

નામધુવોદય ચઉતણૂ,- વઘાયસાહારણિઅરુજોઅતિગં ।

પુગ્ગલવિવાગિ બંધો, પયઇ-ઠિઇ-રસ-પએસ ત્તિ ॥૨૧॥

નામકર્મની ધ્રુવોદયી બાર પ્રકૃતિ, શરીર ચતુષ્ક, ઉપઘાત નામકર્મ, સાધારણ નામકર્મ, પ્રત્યેક નામકર્મ, ઉદ્યોત ત્રિક, એ (૩૬ પ્રકૃતિ) પુદ્ગલવિપાકી જાણવી. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ (ચાર) પ્રકારે બંધ જાણવો. ॥ ૨૧ ॥

મૂલપયડીણ અડસત્ત, છેગબંધેસુ તિન્નિ ભૂગારા ।

અપ્પતરા તિઅ ચઉરો, અવટ્ઠિઆ ન હુ અવત્તવ્વો ॥૨૨॥

મૂળ પ્રકૃતિના આઠ, સાત, છ અને એક પ્રકૃતિના બંધસ્થાનને વિષે ત્રણ ભૂયસ્કાર બંધ હોય, અલ્પતર બંધ ત્રણ અને અવસ્થિતબંધ ચાર હોય, અવક્તવ્યબંધ નથી જ. ॥૨૨॥

એગાદહિગે ભૂઓ, એગાઇ ઊણગંમિ અપ્પતરો ।

તમ્મત્તોવટ્ઠિયઓ, પઢમે સમએ અવત્તવ્વો ॥૨૩॥

એકાદિ અધિક પ્રકૃતિનો બંધ છતે ભૂયસ્કાર બંધ થાય, એકાદિ પ્રકૃતિવડે હીન બંધ છતે અલ્પતર બંધ થાય, તેટલી પ્રકૃતિનો બંધ તે અવસ્થિતબંધ અને અબંધક થયા પછી પુનઃ

બંધના પહેલા સમયે બંધ થાય તે અવક્તવ્ય બંધ હોય. ॥ ૨૩ ॥

નવ છચ્ચઉ દંસે દુ દુ, તિ દુ મોહે દુ ઇગવીસ સત્તરસ ।
તેરસ નવ પણ ચઉ તિ દુ, ઇક્કો નવ અટ્ઠ દસ દુન્નિ ॥૨૪॥

દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિનાં નવ, છ અને ચાર પ્રકૃતિનાં (એમ ત્રણ) બંધસ્થાન હોય. બે ભૂયસ્કાર, બે અલ્પતર, ત્રણ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય. મોહનીય કર્મને વિષે બાવીશ, એકવીશ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિનાં એમ દશ બંધસ્થાન હોય. નવ ભૂયસ્કાર, આઠ અલ્પતર, દશ અવસ્થિત અને બે અવક્તવ્યબંધ હોય. ॥ ૨૪ ॥

તિપણછઅટ્ઠનવહિઆ,-વીસાતીસેગતીસ ઇગ નામે ।
છસ્સગ અટ્ઠતિબંધા, સેસસુ ય ઠાણમિક્કિક્કં ॥૨૫॥

ત્રેવીશ, પચીશ, છવ્વીસ, અટ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીસ, એકત્રીશ અને એક પ્રકૃતિનાં (એમ આઠ) બંધસ્થાન નામકર્મને વિષે હોય. છ ભૂયસ્કાર, સાત અલ્પતર, આઠ અવસ્થિત અને ત્રણ અવક્તવ્ય બંધ હોય અને બાકીના કર્મને વિષે એક એક બંધસ્થાન હોય. ॥ ૨૫ ॥

વીસયરકોડિકોડી, નામે ગોએ અ સત્તરી મોહે ।
તીસિયરચઉસુ ઉદહી, નિરયસુરાઉમ્મિ તિત્તીસા ॥૨૬॥

વીસ ક્રોડાક્રોડ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ

નામકર્મ અને ગોત્રકર્મની હોય. મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ હોય. બાકીના ચાર કર્મને વિષે ત્રીશ કોડાકોડી સાગરોપમ હોય. નારકી અને દેવતાના આયુષ્યને વિષે તેત્રીસ સાગરોપમ સ્થિતિ હોય. ॥૨૬॥

મુત્તું અકસાયઠિઈં, બાર મુહુત્તા જહન્ન વેઅણિએ ।

અટ્ઠટ્ઠ નામગોએસુ, સેસએસું મુહુત્તંતો ॥૨૭॥

અકષાયીને ત્યાગ કરીને (સકષાયીને) વેદનીયકર્મને વિષે જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત હોય. નામ અને ગોત્ર કર્મને વિષે આઠ આઠ મુહૂર્ત જઘન્ય સ્થિતિ હોય. બાકીના પાંચ (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુ અને અંતરાય) કર્મને વિષે જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત હોય. ॥ ૨૭ ॥

વિગ્ઘાવરણ અસાએ, તીસં અટ્ઠાર સુહુમવિગલતિગે ।

પઢમાગિઇસંઘયણે, દસ દુસુવરિમેસુ દુગવુડ્ઢી ॥૨૮॥

પાંચ અંતરાય, ચૌદ આવરણ અને અશાતા વેદનીયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ હોય. સૂક્ષ્મત્રિક અને વિકલેંદ્રિયત્રિકને વિષે અઢાર કોડાકોડી સાગરોપમ હોય અને પહેલા સંઘયણ એ બેને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય અને ઉપરના સંસ્થાન અને સંઘયણને વિષે બબે કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ જાણવી. ॥ ૨૮ ॥

ચાલીસ કસાએસું, મિઉલહુનિધ્ધુણ્હસુરહિસિઅમહુરે ।
દસ દોસઢ્ઢ સમહિઆ, તે હાલિદ્દ્ બિલાઇણં ॥૨૯॥

૧૬ કષાયોને વિષે ચાલીશ કોડાકોડી સાગરોપમ હોય; મૃદુ, લઘુ,સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શ, સુરભિગંધ, શ્વેતવર્ણ અને મધુરરસને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય અને તે (દશ કોડાકોડી સાગરોપમમાં) અઢી કોડાકોડી સાગરોપમ સાધિક સ્થિતિ પીતવર્ણ અને આમ્લરસ વગેરેની જાણવી. ॥ ૨૯ ॥

દસ સુહવિહગઇ-ઉચ્ચે, સુરદુગ થિરછક્ક પુરિસ રઇ હાસે ।
મિચ્છે સત્તરિ મણુદુગ, -ઇત્થી-સાએસુ પન્નરસ ॥૩૦॥

શુભવિહાયોગતિ અને ઉચ્ચગોત્રને વિષે તથા સુરદ્વિક સ્થિરષટ્ક પુરૂષવેદ, રતિમોહનીય અને હાસ્યમોહનીયને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય; મિથ્યાત્વને વિષે સિત્તેર કોડાકોડી સાગરોપમ હોય અને મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ અને સાતાવેદનીયને વિષે પંદર કોડાકોડી સાગરોપમ હોય. ॥૩૦॥

ભયકુચ્છ અરઇ સોએ, વિઉવ્વિતિરિઉરલ નિરયદુગનીએ ।
તે નિયઅપણ અથિરછક્કે, તસચઉ થાવર ઇગ પણિંદી ॥૩૧॥

ભય, જુગુપ્સા, અરતિ અને શોક મોહનીયને વિષે, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નરકદ્વિક અને નીચ ગોત્રને વિષે; તૈજસ પંચક અને અસ્થિરષટ્કને વિષે; ત્રસચતુષ્ક, સ્થાવર

નામ, એકેંદ્રિય અને પંચેંદ્રિય જાતિને વિષે જાણવી. ॥ ૩૧ ॥

નપુકુખગઇસાસચઉ, -ગુરુ-કક્ખડ-રુક્ખ-સીચ-દુગ્ગંધે ।
વીસં કોડાકોડી, એવઇઆબાહ વાસસયા ॥૩૨॥

નપુંસક વેદ, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસ ચતુષ્ક, ગુરૂ, કર્કશ, રૂક્ષ અને શીત સ્પર્શ અને દુર્ગંધને વિષે વીશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય. (જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય) એટલા સો વર્ષ અબાધા જાણવી. ॥ ૩૨ ॥

ગુરુ કોડિકોડી અંતો, તિત્થાહારાણ ભિન્નમુહુ બાહા ।
લહુ ઠિઇસંખગુણૂણા, નરતિરિઆણાઉ પલ્લતિગં ॥૩૩॥

તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ છે, અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય. જઘન્ય સ્થિતિ સંખ્યાતગુણ હીન અંતઃકોડાકોડી સાગરોપમ હોય. મનુષ્ય અને તિર્યંચના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ જાણવી, ॥ ૩૩ ॥

ઇગવિગલ પુવ્વકોડી, પલિઆસંખંસ આઉચઉ અમણા ।
નિરુવક્કમાણ છમાસા, અબાહ સેસાણ ભવતંસો ॥૩૪॥

એકેંદ્રિય અને વિકલેંદ્રિય પૂર્વકોટિવર્ષનું આયુષ્ય બાંધે અને અંસંજ્ઞી પંચેદ્રિય પર્યાપ્ત ચારે આયુષ્ય પલ્યોપમનો

અસંખ્યાતમો ભાગ બાંધે. નિરૂપક્રમ આયુષ્ય વાળાને છ માસ આબાધાકાળ હોય અને બાકીના જીવોને ભવનો ત્રીજો ભાગ અબાધાકાળ હોય. ॥ ૩૪ ॥

લહુઠિઇબંધો સંજલણ-લોહપણવિગ્ઘનાણદંસેસુ ।
ભિન્નમુહુત્તં તે અટ્ઠ, જસુચ્ચે બારસ ય સાએ ॥૩૫॥

સંજવલન લોભ, પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણ અને ચાર દર્શનાવરણને વિષે જઘન્ય સ્થિતિબંધ અંતર્મૂહૂર્ત અને સાતાવેદનીયને વિષે બાર મુહૂર્તજઘન્ય સ્થિતિબંધ હોય. ॥ ૩૫ ॥

દો-ઇગમાસો પક્ખો, સંજલણતિગે પુમટ્ઠ વરિસાણિ ।
સેસાણુક્કોસાઓ, મિચ્છત્તઠિઇઇ જં લદ્ધં ॥૩૬॥

સંજવલનત્રિકને વિષે અનુક્રમે બે માસ, એક માસ, અને એક પક્ષ જઘન્ય સ્થિતિબંધ હોય; પુરૂષવેદનો આઠ વર્ષ અને બાકીની પંચાશી પ્રકૃતિનો પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વ સ્થિતિ વડે ભાગતાં જે પ્રાપ્ત થાય તે (એકેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો. ઈત્યાદિ સંબંધ આગળની ગાથામાં) ॥ ૩૬ ॥

અયમુક્કોસોગિંદુસુ, પલિયાસંખંસહીણ લહુબંધો ।
કમસો પણવીસાએ, પન્ના-સય-સહસ્સ-સંગુણિઓ ॥૩૭॥

એકેંદ્રિયને વિષે એ પૂર્વોક્ત સ્થિતિબંધ ઉત્કૃષ્ટ જાણવો અને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યેય ભાગે ઓછો જાણવો. અનુક્રમે પચીશ, પચ્ચાસ, સો અને હજારે ગુણતાં. ॥ ૩૭ ॥

વિગલ-અસિન્નિસુ જિટ્ઠો, કણિટ્ઠઓ પલ્લસંખભાગૂણો ।
સુરનિરયાઉ સમા દસ, સહસ્સ સેસાઉ ખુડ્ડભવં ॥૩૮॥

વિકલેંદ્રિય અને અસંજ્ઞિપંચેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટસ્થિતિબંધ (અનુક્રમે) હોય અને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમે ભાગે ઓછો હોય. દેવાયુ અને નરકાયુની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ અને બાકીનાની ક્ષુલ્લકભવ જઘન્ય સ્થિતિ હોય. ॥ ૩૮ ॥

સવ્વાણ વિ લહુબંધે, ભિન્નમુહુ અબાહ આઉજિટ્ઠે વિ ।
કેઇ સુરાઉસમં જિણ, -મંતમુહૂ બિંતિ આહારં ॥૩૯॥

સર્વપ્રકૃતિનો વળી જઘન્ય સ્થિતિબંધને વિષે અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય. આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને વિષે પણ અબાધાકાળ અંતર્મુહૂર્ત પણ હોય. કેટલાક આચાર્ય જિનનામ કર્મને દેવાયુષ્યની તુલ્ય જઘન્યબંધવાળું અને આહારકદ્વિકને જઘન્યથી અંતર્મહૂર્ત બંધવાળુ કહે છે ॥ ૩૯ ॥

સત્તરસ સમહિઆ કિર, ઇગાણુપાણુંમિ હુંતિ ખુડ્ડભવા ।
સગતીસસયતિહુત્તર, પાણૂ પુણ ઇગમુહુત્તંમિ ॥૪૦॥

એક શ્વાસોશ્વાસમાં કાંઈક અધિક સત્તર ક્ષુલ્લક (નાના) ભવો નિશ્ચયે થાય છે અને એક મુહૂર્તમાં સાડત્રીસસો તહોંતેર શ્વાસોશ્વાસ થાય છે. ॥ ૪૦ ॥

પણસટ્ઠિસહસ પણસય-છત્તીસા ઇગમુહુત્ત-ખુડ્ડભવા ।
આવલિઆણં દોસય, છપ્પન્ના એગખુડ્ડભવે ॥૪૧॥

એક મુહૂર્ત (બે ઘડા) માં પાંસઠ હજાર પાંચસો અને છત્રીસ ક્ષુલ્લક ભવો થાય છે અને એક ક્ષુલ્લક ભવને વિષે બસો છપ્પન્ન આવલિકા થાય છે. ॥ ૪૧ ॥

અવિરયસમ્મો તિત્થં, આહારદુગામરાઉ ય પમત્તો ।
મિચ્છદ્દિટ્ઠી બંધઇ, જિટ્ઠઠિઈં સેસપયડીણં ॥૪૨॥

અવિરત સમ્યગ્દષ્ટિ જિનનામકર્મને પ્રમત્તયતિ આહારદ્વિક તથા દેવાયુને અને મિથ્યાદૃષ્ટિ બાકીની (૧૧૬) પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધે છે. ॥ ૪૨ ॥

વિગલસુહુમાઉગતિગં, તિરિમણુઆ સુરવિઉવ્વિનિરયદુગં ।
એગિં-થાવરાયવ, આઇસાણા સુરુક્કોસં ॥૪૩॥

મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્ય-વિકલેંદ્રિપત્રિક, સૂક્ષ્મત્રિક અને આયુષ્યત્રિકને તથા સુરદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિકને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે, ઈશાન દેવલોક પર્યંતના દેવો એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ અને આતપ નામકર્મને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે. ॥ ૪૩ ॥

તિરિઉરલદુગુજ્જોઅં, છિવટ્ઠ સુરનિરય સેસ ચઉગઇઆ ।
આહારજિણમપુવ્વો, નિઅટ્ટિસંજલણ પુરિસલ હું ॥૪૪॥

તિર્યંચદ્વિક. ઔદારિકદ્વિક, ઉદ્યોતનામકર્મ અને સેવાર્ત સંઘયણને દેવતા અને નારકી ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે, બાકીની ૯૨ પ્રકૃતિ ચારે ગતિવાળા મિથ્યાત્વી બાંધે. અપૂર્વકરણ ગુણઠાણે વર્તતો ક્ષપક શ્રેણીવાળો આહારકદ્વિક અને જિનનામને જઘન્ય સ્થિતિએ બાંધે. અનિવૃતિ બાદર સંપરાયવાળો સંજ્વલન કષાય અને પુરૂષવેદનો જઘન્ય સ્થિતિબંધ કરે. ॥ ૪૪ ॥

સાયજસુચ્ચાવરણા, વિગ્ઘં સુહુમો વિઉવ્વિ છ અસન્ની ।
સન્ની વિ આઉ બાયર, -પજ્જેગિંદી ઉ સેસાણં ॥૪૫॥

સૂક્ષ્મસંપરાયવાળો સાતાવેદનીય, યશનામ, ઉચ્ચગોત્ર; નવ આવરણ અને પાંચ અંતરાયને જઘન્ય સ્થિતિએ બાંધે, પર્યાપ્તો અસંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિયષટ્કને જઘન્ય સ્થિતિએ બાંધે સંજ્ઞિ અને અસંજ્ઞિ પંચેન્દ્રિય ચારે પ્રકારના આયુષ્યને જઘન્ય સ્થિતિએ બાંધે. અને બાદર પર્યાપ્તો એકેંદ્રિય બાકીની ૮૫ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ કરે. ॥ ૪૫ ॥

ઉક્કોસજહન્નેયર ભંગા સાઇ અણાઇ ધુવ અધુવા ।
ચઉહા સગ અજહન્નો, સેસતિગે આઉચઉસુ દુહા ॥૪૬॥

ઉત્કૃષ્ટ બંધ, જઘન્ય બંધ, અનુત્કૃષ્ટ બંધ અને અજઘન્ય બંધ એ ચાર ભાંગા અથવા સાદિબંધ, અનાદિબંધ, ધ્રુવબંધ અને અધ્રુવબંધ એ ચાર ભાંગા જાણવા. સાત મૂળ પ્રકૃતિ સંબંધિ અજઘન્ય બંધ ચાર પ્રકારે છે અને બાકીના ત્રણ બંધને વિષે સાદિ અધ્રુવ એ બે પ્રકારે બંધ છે. ચાર આયુષ્યને વિષે સાદિ અને અધ્રુવ એ બે ભાંગે બંધ છે. ॥ ૪૬ ॥

ચઉભેઓ અજહન્નો, સંજલણાવરણનવગવિગ્ઘાણં ।
સેસતિગિ સાઇ અધુવો, તહ ચઉહા સેસપયડીણં ॥૪૭॥

સંજ્વલન કષાય, નવ આવરણ અને પાંચ અંતરાય સંબંધિ અજઘન્ય સ્થિતિ બંધ ચાર ભેદે છે અને એજ પ્રકૃતિઓના બાકીના ત્રણ બંધને વિષે સાદિ અને અધ્રુવ બંધ હોય. બાકીની ૧૦૨ પ્રકૃતિ સંબંધિ જઘન્યાદિ ચાર પ્રકારનો બંધ તેવી જ રીતે (સાદિ અધ્રુવ) છે. ॥ ૪૭ ॥

સાણાઇઅપુવ્વંતે, અયરંતો કોડિકોડિઓ ન હિગો ।
બંધો ન હુ હીણો ન ય, મિચ્છે ભવ્વિઅરસન્નિમ્મિ ॥૪૮॥

સાસ્વાદનથી અપૂર્વકરણ ગુણસ્થાન પર્યંત અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક બંધ ન હોય, તેમજ તેનાથી

હીન બંધ પણ ન જ હોય. મિથ્યાદૃષ્ટિ ભવ્ય સંજ્ઞિને વિષે પણ હીન બંધ ન જ હોય. ॥ ૪૮ ॥

જઇ લહુબંધો બાયર-પજ્જઅસંખગુણ સુહુમપજ્જડહિગો ।
એસિં અપજ્જાણ લહૂ, સુહુમેઅર અપજ્જપજ્જગુરુ ॥૪૯॥

યતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વથી થોડો હોય.. બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ તેથી અસંખ્યાતગુણ હોય અને સૂક્ષ્મ પર્યાપ્ત એકેંદ્રિયનો તેથી વિશેષાધિક હોય. એ (બાદર સૂક્ષ્મ એકેંદ્રિય) અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તેથી વિશેષાધિક; તે થકી સૂક્ષ્મ અપર્યાપ્ત એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક હોય. ॥ ૪૯ ॥

લહુ બિઅપજ્જપજ્જે, અપજ્જેઅર બિઅગુરુડહિગો એવં ।
તિ ચઉ અસન્નિસુ નવરં, સંખગુણો બિઅમણપજ્જે ॥૫૦॥

બેંઇંદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિ બંધ તે થકી સંખ્યાતગુણ અને વિશેષા૦, તે થકી બેઈંદ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક; તેઈંદ્રિય, ચૌરિંદ્રિય અને અસંજ્ઞિ પંચેદ્રિયને વિષે એ પ્રકારે (બેઈંદ્રિયમાં કહ્યા પ્રમાણે) જાણવું. એટલું વિશેષ કે બેઈંદ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સંખ્યાતગુણ કહેવો. ॥ ૫૦ ॥

તો જઈજિટ્ઠો બંધો, સંખગુણો દેસવિરય હસ્સિઅરો ।
સમ્મચઉ સન્નિચઉરો, ઠિઇબંધાણુકમ સંખગુણા ॥૫૧॥

તે થકી યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ; તે થકી દેશવિરતિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, સમ્યગ્દૃષ્ટિના ચાર સ્થિતિબંધ અને સંજ્ઞી પંચેદ્રિય મિથ્યાત્વીના ચાર સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ હોય. ॥ ૫૧ ॥

સવ્વાણવિ જિટ્ઠઠિઇ, અસુભા જં સાઇસંકિલેસેણં ।
ઇઅરાવિસોહિઓ પુણ, મુત્તું નરઅમરતિરિઆઉં ॥૫૨॥

મનુષ્ય, દેવ અને તિર્યંચના આયુષ્યને વર્જીને બાકીની સર્વે કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ તે અશુભ જાણવી, જે કારણ માટે તે તીવ્ર કષાયના ઉદયે બંધાય. જઘન્ય સ્થિતિ વિશુદ્ધિવડે બંધાય. ॥ ૫૨ ॥

સુહુમનિગ્ોઆઇક્ખણ-પ્પજોગ બાયર ય-વિગલઅમણમણા ।
અપજ્જલહુપટમદુગુરૂ, પજ્જહસ્સિઅરો અસંખગુણો ॥૫૩॥

સૂક્ષ્મ નિગોદ (લબ્ધિ અપર્યાપ્તા) નો પહેલો સમયે અલ્પ યોગ હોય. તે થકી અપર્યાપ્તા એવા બાદર એકેંદ્રિય, વિકલેંદ્રિય અસંજ્ઞિ અને સંજ્ઞિ પંચેન્દ્રિયનો, પહેલા સમયે જઘન્ય યોગ (ક્રમે) અસંખ્યાત ગુણ હોય. તે થકી પહેલા દ્વિકનો ઉત્કૃષ્ટ યોગ તે થકી પહેલા દ્વિકનો પર્યાપ્તો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણ હોય. ॥ ૫૩ ॥

અપજ્જત્તતસુક્કોસો, પજ્જજહન્નિઅરુ એવ ઠિઇઠાણા ।
અપજેઅર સંખગુણા, પરમપજબિએ અસંખગુણા ॥૫૪॥

તે થકી અપર્યાપ્તા ત્રસનો ઉત્કૃષ્ટ યોગ, પર્યાપ્તા ત્રસનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ સંખ્યાત ગુણ અનુક્રમે હોય. એ પ્રકારે (સૂક્ષ્મ એકેંદ્રિયાદિ જીવનાં અનુક્રમે) સ્થિતિનાં સ્થાનો કહેવાં. ત્યાં (પૂર્વોક્ત સૂક્ષ્મબાદર એકેંદ્રિયાદિ) અપર્યાપ્તા કરતાં પર્યાપ્તાનાં સંખ્યાત ગુણાં કહેવાં પરંતુ અપર્યાપ્ત બેઈંદ્રિયને વિષે વિષે અસંખ્યાત ગુણ કહેવાં. ॥ ૫૪ ॥

પઇખણમસંખગુણવિરિઅ, અપજ્જ પઇઠિઇમસંખલોગસમા ।
અજ્ઝવસાયા અહિઆ, સત્તસુ આઉસુ અસંખગુણા ॥૫૫॥

અપર્યાપ્તા જીવો પ્રત્યેક સમયે અસંખ્યાત ગુણ વીર્યવાળા હોય અને પ્રત્યેક સ્થિતિબંધે અસંખ્યેય લોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય. સાત કર્મને વિષે તે સ્થિતિબંધના અધ્યવસાયો વિશેષાધિક અને આયુષ્ય કર્મને વિષે અસંખ્યાત ગુણ હોય. ॥ ૫૫ ॥

તિરિનિરયતિ-જોઆણં, નરભવજુઅ સચઉપલ્લ તેસટ્ઠં ।
થાવરચઉ-ઇગવિગલાડડયવેસુ પણસીઇસયમયરા ॥૫૬॥

તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોત નામકર્મ (એસાત) નો મનુષ્યભવો સહિત ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ

સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. સ્થાવર ચતુષ્ક, એકેંદ્રિય જાતિ,વિકલેંદ્રિય અને આતપ નામકર્મને વિષે મનુષ્યભવ યુક્ત ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. ॥ ૫૬ ॥

અપઢમસંઘયણાગિઇ, -ખગઇ અણમિચ્છદુહગથીણતિગં ।
નિઅનપુઇત્થિ દુતીસં, પણિંદિસુ અબંધઠિઇ પરમા ॥૫૭॥

પહેલાને વર્જીને સંઘયણ સંસ્થાન અને વિહાયોગતિ, અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ મોહનીય, દુર્ભગત્રિક અને થીણદ્વિત્રિક, નીચગોત્ર, નપુંસક વેદ અને સ્ત્રીવેદ એ (પચીશ પ્રકૃતિ) ની અબંધ સ્થિતિ નરભવયુકત એકસો બત્રીશ સાગરોપમ જાણવી. એ ૪૧ પ્રકૃતિની ઉત્કૃટ અબંધસ્થિતિ પંચેન્દ્રિયને વિષે જાણવી. ॥ ૫૭ ॥

વિજયાઇસુ ગેવિજ્જે, તમાઇ દહિસય દુતીસ તેસટ્ઠં ।
પણસીઇ સયયબંધો, પલ્લતિગં સુરવિઉવ્વિદુગે ॥૫૮॥

વિજયાદિકને વિષે, ગ્રૈવેયક અને વિજયાદિકને વિષે તેમજ તમઃપ્રભા ગ્રૈવૈયક અને વિજયાદિકને વિષે ગયેલ જીવની ઉત્કૃષ્ટ અબંધ સ્થિતિ અનુક્રમે એકસો બત્રીસ, એકસોત્રેસઠ અને એકસો પંગાશી સાગરોપમ નરભવોએ યુક્ત હોય. સુરદ્વિક અને વૈક્રિયદ્વિકનો ત્રણ પલ્યોપમ નિરંતર બંધ હોય. ॥ ૫૮ ॥

સમયાદસંખકાલં, તિરિદુગ-નીએસુ આઉ અંતમુહૂ ।
ઉરલિ અસંખપરક્રા, સાયઠિઇ પુવ્વકોડૂણા ॥૫૯॥

તિર્યંચદ્વિક અને નીચગોત્રનો એક સમયથી માંડીને અસંખ્યાતકાળ પર્યંત નિરંતર બંધ હોય. આયુષ્ય કર્મનો અંતર્મૂહૂર્ત, ઔદારિક શરીરનો અસંખ્યાત પુદ્ગલપરાવર્ત અને સાતાવેદનીયનો કંઈક ન્યૂન પૂર્વ કોડી નિરંતર બંધ હોય. ॥૫૯॥

જલહિસયં પણસીઅં, પરઘુસ્સાસે પણિંદિ તસચઉગે ।
બત્તીસં સુહવિહગઇ-પુમ-સુભગતિ-ગુચ્ચ-ચઉરંસે ॥૬૦॥

પરાઘાત નામ તથા ઉચ્છ્વાસ નામકર્મને વિષે અને પંચેદ્રિય જાતિ તથા ત્રસ ચતુષ્કને વિષે એકસો પંચાશી સાગરોપમ નિરંતર બંધ હોય, શુભવિહાયોગતિ, પુરૂષવદ. સૌભાગ્ય, સુસ્વર, આદેય, ઉચ્ચગોત્ર, સમચતુરસ્ર સંસ્થાનને વિષે એકસો બત્રીસ સાગરોપમ સતતબંધની સ્થિતિ હોય. ॥ ૬૦ ॥

અસુખગઈજાઈઆગિઈ, સંઘયણાહાર-નિરય્ જોઅદુગં ।
થિરસુભજસ-થાવરદસ, નપુઇત્થી દુજુઅલમસાયં ॥૬૧॥

અશુભવિહાયોગતિ, અશુભજાતિ, અશુભ સંસ્થાન અશુભ સંઘયણ, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિરનામ, શુભનામ, યશનામ, સ્થાવર દશક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, બે યુગલ અને અસાતાવેદનીય ॥ ૬૧ ॥

સમયાદંતમુહુત્તં, મણુદુગ-જિણ-વઇર-ઉરલુવંગેસુ ।
તિત્તીસયરા પરમો, અંતમુહુ લહુ વિ આઉજિણે ॥૬૨॥

એ પૂર્વોક્ત ૪૧ પ્રકૃતિનો સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત નિરંતર બંધ હોય. મનુષ્યદ્વિક, જિન નામ, વજ્રઋષભનારાચ સંઘયણ અને ઔદારિક અંગોપાંગ નામકર્મને વિષે તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સતત બંધ હોય. જઘન્ય નિરંતર બંધ વળી ચાર આયુષ્ય અને જિન નામકર્મને વિષે અંતર્મુહૂર્ત હોય ॥ ૬૨ ॥

તિવ્વો અસુહસુહાણં, સંકેસવિસોહિઓ વિવજ્જયઓ ।
મંદરસો ગિરિમહિરય, -જલરેહાસરિસકસાએહિં ॥૬૩॥

અશુભ અને શુભ પ્રકૃતિનો તીવ્રરસ અનુક્રમે સંક્લેશ અને વિશદ્ધિ વડે બંધાય. પર્વત, પૃથ્વી, રેતી, અને પાણીને વિષે કરેલ રેખા સમાન કષાયો વડે; ॥ ૬૩ ॥

ચઉઠાણાઇ અસુહા, સુહડન્નહા વિગ્ઘદેસ આવરણા ।
પુમસંજલણિગદુતિચઉ-ઠાણરસા સેસ દુગમાઇ ॥૬૪॥

અશુભ પ્રકૃતિનો ચાર ઠાણિઓ વગેરે રસ થાય. શુભ પ્રકૃતિનો વિપરીતપણે ચતુઃસ્થાનાદિ રસ થાય. પાંચ અંતરાય દેશઘાતિ આવરણ કરનારી સાત પ્રકૃતિ, પુરૂષ- વેદ, અને સંજ્વલન ૪ કષાયો (એ સત્તર પ્રકૃતિ) એક ઠાણિયા, બે ઠાણિયા, ત્રણ ઠાણિયા, અને ચાર ચાર ઠાણિયા રસ યુક્ત

બંધાય છે., બાકીની પ્રકૃતિઓ બે ઠાણિયા વગેરે ત્રણ પ્રકારના રસ યુક્ત બંધાય છે. ॥ ૬૪ ॥

નિંબુચ્છુરસો સહજો, દુતિચઉભાગકઢિઇક્કભાગંતો ।
ઇગઠાણાઇ અસુહો, અસુહાણ સુહો સુહાણં તુ ॥૬૫॥

લીંબડા અને શેલડીનો સ્વભાવિક રસ તથા તે બે ત્રણ અને ચાર ભાગે ઉકાળેલો એક ભાગે રહે તે અશુભ પ્રકૃતિનો એક ઠાણિયો વગેરે અશુભ રસ અને શુભ પ્રકૃતિનો શુભ રસ જાણવો. ॥ ૬૫ ॥

તિવ્વમિગથાવરાયવ-સુરમિચ્છા વિગલસુહુમનિરયતિગં ।
તિરિમણુઆઉ તિરિનરા, તિરિદુગ છિવટ્ઠ સુરનિરયા ॥૬૬॥

એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ:અને આતપ નામકર્મનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદ્રષ્ટિ દેવતા કરે, વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક નરકત્રિક, તિર્યંચાયુ અને મનુષ્યાયુ (એ અગ્યાર પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્યો કરે, તિર્યંચદ્વિક અને છેવટ્ઠા સંઘયણનો ઉત્કૃષ્ટ રસબંધ દેવતા અથવા નારકી કરે. ॥૬૬॥

વિઉવિસુરાહારદુગં, સુખગઇવન્નચઉતેઅજિણસાયં ।
સમચઉ-પરઘા તસદસ, પણિંદિઉસુચ્ચ ખવગા ઉ ॥૬૭॥

વૈક્રિયદ્વિક, સુરદ્વિક, આહારકદ્વિક, શુભવિહાયોગતિ, વર્ણચતુષ્ક, તૈજસ ચતુષ્ક, જિનનામ, સાતાવેદનીય, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત નામ, ત્રસ દશક,

પંચેંદ્રિય જાતિ, ઉચ્છ્વાસ નામકર્મ અને ઉચ્ચ ગોત્ર (એ ૩૨ પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ રસબંધ (યથાસંભવ) સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા ક્ષપક કરે. ॥ ૬૭ ॥

તમતમગા ઉજ્જોઅં, સમ્મસુરા મણુઅઉરલદુગ વઇરં ।
અપમત્તો અમરાઉં, ચઉગઇ મિચ્છા ઉ સેસાણં ॥૬૮॥

તમસ્તમપ્રભાનરકના જીવો ઉદ્યોત નામકર્મને રસે બાંધે. સમ્યગ્દષ્ટિ દેવતા મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણને ઉત્કૃષ્ટ રસે બાંધે, અપ્રમત્ત યતિ દેવાયુને અને ઉત્કૃષ્ટ કષાયવાળા મિથ્યાદ્રષ્ટિ જીવો બાકીની (૬૮ પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ રસબંધ કરે. ॥ ૬૮ ॥

થીણતિગં અણ-મિચ્છં, મંદરસં સંજમુમ્મુહો મિચ્છો ।
બિઅતિઅકસાય અવિરય, દેસપમત્તો અરઇ-સોએ ॥૬૯॥

થીણધ્ધિત્રિક, અનંતાનુબંધિ કષાય અને મિથ્યાત્વ મોહનીયને મમ્યકત્વ (સહિત) ચારિત્ર પ્રાપ્ત કરતો મિથ્યાદ્રષ્ટિ જઘન્ય રસે બાંધે, દેશવિરતિચારિત્રની સન્મુખ થયેલો અવિરત સમ્યગદ્રષ્ટિ બીજા કષાયોને અને સર્વવિરતિ ચારિત્રની સન્મુખ વર્તતો દેશવિરતિ ત્રીજા કષાયને જઘન્યરસે બાંધે, પ્રમત્ત યતિ અરતિ અને શોક મોહનીયને જઘન્ય રસે બાંધે. ॥ ૬૯ ॥

અપમાઇ હારગદુગં, દુનિદ્દ-અસુવન્ન-હાસરઇકુચ્છા ।
ભયમુવઘાયમપુવ્વો, અનિઅટ્ટિ પુરિસ-સંજલણે ॥૭૦॥

અપ્રમત્તયતિ - આહારકદ્વિકને મંદ રસે બાંધે, બે નિદ્રા અપ્રશસ્ત વર્ણચતુષ્ક, હાસ્ય્ રતિ, જાુગુપ્સા, ભય અને ઉપઘાત નામકર્મ (એ ૧૧ પ્રકૃતિ) અપૂર્વકરણ ગુણઠાણાવાળો ક્ષપક જઘન્ય રસે બાંધે, અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનવર્તિ ક્ષપક પુરૂષવેદ અને સંજ્વલ કષાયોને જઘન્ય રસે બાંધે. ॥ ૭૦ ॥

વિગ્ઘાવરણે સુહુમો, મણુતિરિઆ સુહુમવિગલતિગ આઉં ।
વેઉવ્વિછક્કમમરા, નિરયા ઉજ્જોઅ-ઉરલદુગં ॥૭૧॥

પાંચ અંતરાય અને નવ (જ્ઞાન-દર્શનનાં) આવરણોને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવાળો જઘન્ય રસે બાંધે. મનુષ્ય અને તિર્યંચો સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્ક (૧૬ પ્રકૃતિ) ને જઘન્ય રસે બાંધે. દેવતા તથા નારકી ઉદ્યોતનામ અને ઔદારિકદ્વિકને જઘન્ય રસે બાંધે. ॥૭૧॥

તિરિદુગનિઅં તમતમા, જિણમવિરય નિરયવિણિગથાવરયં ।
આસુહુમાયવ સમ્મો, વ સાયથિરસુભજસા સિઅરા ॥૭૨॥

તિર્યંચદ્વિક અને નીચગોત્રને તમસ્તમપ્રભા નારકીના જીવો જઘન્ય રસે બાંધે, અવિરત સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય જિનનામને જઘન્ય રસે બાંધે. નારકી વિના બાકીના ત્રણ ગતિવાળા જીવો એકેંદ્રિય જાતિ અને સ્થાવર નામકર્મને જઘન્ય રસે બાંધે, સૌધર્મ અને ઇશાન દેવલોક સુધીના દેવતાઓ

આતાપ નામકર્મને જઘન્ય રસે બાંધે,સમ્યગ્દ્રષ્ટિ અથવા મિથ્યાદ્રષ્ટિ સાતા વેદનીય, સ્થિરનામ, શુભ નામ અને યશનામને તેની પ્રતિપક્ષી સહિત (આઠ પ્રકૃતિને) જઘન્ય રસે બાંધે. ॥ ૭૮ ॥

તસવન્નતેઅચઉમણુ,-ખગઇદુગ પણિંદિ-સાસ-પરઘુચ્ચં ।
સંઘયણાગિઇનપુંથી, સુભગિઅરતિ મિચ્છચઉગઇઆ ॥૭૩॥

ત્રસ ચતુષ્ક, વર્ણ ચતુષ્ક, તૈજસ ચતુષ્ક, મનુષ્યદ્વિક, ખગતિદ્વિક, પંચેદ્રિયજાતિ, ઉચ્છવાસ નામ, પરાઘાત નામ, ઉચ્ચગોત્ર, છ સંઘયણ, છ સંસ્થાન, નપુંસક વેદ, સ્ત્રીવેદ, સુભગત્રિક અને દુર્ભગત્રિક (૪૦ પ્રકૃતિ) ને ચારે ગતિવાળા મિથ્યાદ્રષ્ટિ જીવો જઘન્ય રસે બાંધે. ॥ ૭૩ ॥

ચઉતેઅવન્ન વેઅણિઅ-નામણુક્કોસુ ? સેસધુવબંધી ।
ઘાઇણં અજહન્નો, ગોએ દુવિહો ઇમો ચઉહા ॥૭૪॥

તૈજસ ચતુષ્ક શુભ વર્ણ ચતુષ્ક, વેદનીયકર્મ અને નામકર્મનો અનુત્કૃષ્ટ રસબંધ તથા બાકીની (૪૩) ધ્રુવબંધી પ્રકૃતિ અને (૪) ઘાતી પ્રકૃતિનો અજઘન્ય રસબંધ અને ગોત્ર કર્મના (અનુત્કૃષ્ટ અને અજઘન્ય) બંને રસબંધ, એ ચાર પ્રકારે (સાદિ ધ્રુવાદિ) છે. ॥ ૭૪ ॥

સેસંમિ દુહા-ઇગ દુગ,-ણુગાઇજા અભવણંતગુણિઆણૂ ।
ખંધા ઉરલોચિઅવગ્ગણા ઉ તહ અગહણંતરિઆ ॥૭૫॥

બાકીની પ્રકૃતિ અને બાકીના ત્રણ પ્રકારના રસબંધોને વિષે બે પ્રકારે (સાદિ-અધ્રુવ) બંધ હોય. એકાણુક દ્વયણુકથી માંડીને યાવત્ અભવ્ય જીવો કરતાં અનંતગુણા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકને ગ્રહણ યોગ્ય વર્ગણા થાય છે, તેમજ એકેક પરમાણુની વૃદ્ધિએ ગ્રહણ યોગ્ય વર્ગણાના અંતરે અગ્રહણ યોગ્ય વર્ગણા હોય. ॥ ૭૫ ॥

એમેવ વિઉવ્વાહાર-તે અભાસાણુપાણ-મણકમ્મે ।

સુહુમા કમાવગાહો, ઊણૂણંગુલ-અસંખંસો ॥૭૬॥

એ પૂર્વોક્ત પ્રકારેજ વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ વર્ગણા હોય એ ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સૂક્ષ્મ જાણવી, અને તેની અવગાહના ઓછી ઓછી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય. ॥૭૬॥

ઇક્કિક્કહિઆ સિદ્ધા-ણંતંસા અંતરેસુ અગ્ગહણા ।

સવ્વત્થ જહન્નુચિઆ, નિઅણંતંસાહિઆ જિટ્ઠા ॥૭૭॥

એકેક પરમાણુ વડે અધિક સિદ્ધોના અનંતમે ભાગે ઔદારિકાદિ વર્ગણાના મધ્યે અગ્રહણયોગ્ય વર્ગણા હોય સર્વ વર્ગણાને વિષે જઘન્ય ગ્રહણ યોગ્ય વર્ગણાથી પોતાના અનંતમે ભાગે અધિક ઉત્કૃષ્ટ વર્ગણા હોય. ॥ ૭૭ ॥

અંતિમચઉફાસ, દુગંધ, પંચવન્નરસ-કમ્મખંધદલં ।
સવ્વજિઅણંતગુણરસ, મણુજુત્તમણંતયપએસં ॥૭૮॥
એગપએસોગાઢં, નિઅસવ્વપએસઓ ગહેઇ જિઓ ।
થોવો આઉ તદંસો, નામે ગોએ સમો અહિઓ ॥૭૯॥

છેવટના ચાર સ્પર્શ, બે ગંધ, પાંચ વર્ણ અને પાંચ રસવાળા કર્મસ્કંધને સર્વજીવો કરતાં અનંતગુણ રસવાળા અણુઓવડે યુક્ત, અનંત પ્રદેશોવાળા;એક પ્રદેશ (ક્ષેત્ર) ને વિષે અવગાહી રહેલ કર્મસ્કંધને પોતાના સર્વ પ્રદેશોવડે જીવ ગ્રહણ કરે છે, તે (ગ્રહણ કરેલા અનંત સ્કંધમય કર્મદ્રવ્ય) નો સર્વથી થોડો ભાગ આયુષ્ય કર્મરૂપે પરિણમે, નામકર્મ અને ગોત્રકર્મને વિષે સરખો અને આયુષ્ય કરતાં અધિક ભાગ પરિણમે. ॥ ૭૮-૭૯ ॥

વિગ્ઘાવરણે મોહે, સવ્વોવરિ વેઅણીય જેણપ્પે ।
તસ્સ ફુડત્તં ન હવઇ, ઠિઇ-વિસેસેણ સેસાણં ॥૮૦॥

અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મને વિષે અધિક અને માંહોમાંહે સરખો;મોહનીય કર્મને વિષે તેથી અધિક અને વેદનીય કર્મને વિષે સર્વથી અધિક ભાગ પરિણમે. જે કારણ માટે થોડાં દલિક છતે તે (વેદનીય)નો સ્પષ્ટ રીતે અનુભવ ન થાય અને બાકીના કર્મનો સ્થિતિવિશેષે કરીને હીનાધિક ભાગ હોય. ॥ ૮૦ ॥

નિઅજાઇલદ્ધદલિઆ-ણંતંસો હોઇ સવ્વઘાઇણં ।
બજ્ઝંતીણ વિભજ્જઇ, સેસં સેસાણ પઇસમયં ॥૮૧॥

પોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિવડે પ્રાપ્ત કરેલ દલિકનો અનંતમો ભાગ સર્વઘાતિ પ્રકૃતિને ભાગે આવે અને બાકી રહેલા પ્રદેશાગ્ર બાકીની બંધાતી પ્રકૃતિઓને સમયે સમયે વહેંચાય છે. ॥ ૮૧ ॥

સમ્મ-દર-સવ્વવિરઇ, અણવીસંજોઅ દંસખવગે અ ।
મોહસમ-સંત-ખવગે, ખીણ-સજોગિઅર-ગુણસેઢી ॥૮૨॥

સમ્યક્ત્વે દેશવિરતિ તથા સવવિરતિને વિષે, અનંતાનુબંધિની વિસંયોજનાને વિષે, દર્શનમોહનીયના ક્ષપક સંબંધિ, ચારિત્રમોહનીયના ઉપશમને વિષે, ઉપશાંતમોહ ગુણસ્થાનવાળા સંબંધિ, ક્ષપકને વિષે, ક્ષીણમોહી અને સયોગિ તથા અયોગિ કેવળીની એમ અગ્યાર ગુણશ્રેણિ (ગુણાકારે પ્રદેસની રચના) હોય છે. ॥ ૮૨ ॥

ગુણસેઢી દલરયણાણુ-સમયમુદયાદસંખગુણણાએ ।
એયગુણા પુણ કમસો, અસંખગુણનિજ્જરા જીવા ॥૮૩॥

ઉપરની સ્થિતિ થકી ઉતારેલ પ્રદેશાગ્રની પ્રત્યેક સમયે ઉદય ક્ષણ કરતાં અસંખ્ય ગુણનાએ રચના તે ગુણ શ્રેણિ જાણવી વળી એ પૂર્વોક્ત ગુણવાળા જીવો અનુક્રમે અસંખ્યાત ગુણ નિર્જરાવાળા હોય. ॥ ૮૩ ॥

પલિઆસંખંસ-મુહૂ, સાસણઇઅરગુણ-અંતરં હસ્સં ।
ગુરુ મિચ્છિ બે છસટ્ઠી, ઇઅરગુણે પુગ્ગલદ્ધંતો ॥૮૪॥

સાસ્વાદન અને બીજાં ગુણસ્થાનોનું જઘન્ય અંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત (અનુક્રમે) હોય. ઉત્કૃષ્ટ અંતર મિથ્યાત્વે બે વખત છાસઠ સાગરોપમ અને બીજાં ગુણસ્થાનોને વિષે કાંઇક ઉણું અર્ધ પુદ્ગલપરાવર્ત હોય. ॥૮૪॥

ઉદ્ધારઅદ્ધખિત્તં, પલિઅ તિહા સમય-વાસસય-સમએ ।
કેસવહારો દીવો, દહિ-આઉ-તસાઇપરિમાણં ॥૮૫॥

ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એ ત્રણ પ્રકારે પલ્યોપમ જાણવું, તેમાં (અનુક્રમે) સમયે, સો વર્ષે અને સમયે વાલાગ્રનું ઉદ્ધરણ કરીએ, તે વડે (અનુક્રમે) દ્વીપસમુદ્ર, આયુષ્ય અને ત્રસાદિ જીવોની ગણતરી થાય છે. ॥ ૮૫ ॥

દવ્વે ખિત્ત કાલે, ભાવે ચઉહ દુહ બાયરો સુહુમો ।
હોઇ અણંતુસ્સપ્પિણિ, -પરિમાણો પુગ્ગલપરટ્ટો ॥૮૬॥

દ્રવ્ય વિષયક, ક્ષેત્રવિષયક, કાળવિષયક અને ભાવ વિષયક. એમ ચાર પ્રકારે પુદ્ગલપરાવર્ત બાદર અને સૂક્ષ્મ એ બે બે ભેદ હોય, તે દરેક અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ હોય છે. ॥ ૮૬ ॥

ઉરલાઇસત્તગેણં, એગજિઓ મુઅઇ ફુસિઅ સવ્વઅણૂ ।
જત્તિઅકાલિ સથુલો, દવ્વે સુહુમો સગ્ગન્નચરા ॥૮૭॥

જેટલા કાળે ચૌદ રાજલોકમાં સર્વપરમાણુઓ ઔદારિકાદિ સાતપણે એક જીવસ્પર્શી પરિણમાવીને ત્યાગ કરે તે (તેટલા કાળે) સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. અને સાત ભાંગેથી એકેકી કોઈપણ એક પણે સર્વ પરમાણુઓ સ્પર્શી પરિણમાવીને ત્યાગ કરે તેટલે કાળે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત થાય. ॥ ૮૭ ॥

લોગપએસોસપ્પિણિ-સમયા અણુભાગબંધઠાણા ય ।
જહ તહ કમ્મમરણેણં, પુટ્ઠા ખિત્તાઇ-થૂલિઅરા ॥૮૮॥

લોકક્ષેત્રના પ્રદેશો. ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો અને રસબંધના સ્થાનો જેમ તેમ (ક્રમ વગર) અને અનુક્રમે મરણ વડે સ્પર્શ કરાય ત્યારે ક્ષેત્રાદિ બાદર અને સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત અનુક્રમે થાય. ॥ ૮૮ ॥

અપ્પયરપયડિબંધી, ઉક્કડજોગી અ સન્નિપજ્જત્તો ।
કુણઇ પએસુક્કોસં, જહન્નયં તસ્સ વચ્ચાસે ॥૮૯॥

અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વોત્કૃષ્ટ યોગવાળો અને સંજ્ઞિપર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે અને તેથી વિપરીતપણે જઘન્ય પ્રદેશબંધ કરે. ॥ ૮૯ ॥

મિચ્છઅજયચઉ આઊ, બિતિગુણવિણુમોહિસત્તમિચ્છાઇ ।
છણ્હં સત્તરસ સુહુમો, અજયા દેસા બિતિકસાએ ॥૯૦॥

મિથ્યાદ્રષ્ટિ અને અવિરત સમ્યગ્દ્રષ્ટિ આદિ ગુણઠાવાળા આયુકર્મનો, બીજા ત્રીજા ગુણઠાણા વિના મિથ્યાત્વાદિ સાત ગુણઠાણાવાળા મોહનીય કર્મનો, સૂક્ષ્મસંપરાયવાળો છ મૂળ પ્રકૃતિ અને સત્તર ઉત્તર પ્રકૃતિનો, અવિરતિ બીજા કષાયોનો અને દેશવિરતિ ત્રીજા કષાયો નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ॥ ૯૦ ॥

પણઅનિઅટ્ટી સુખગઇ, -નરાઉ સુરસુભગતિગ વિઉવ્વિદુગં ।
સમચઉરંસ-મસાયં, વઇરં મિચ્છો વ સમ્મો વા ॥૯૧॥

અનિવૃત્તિબાદર ગુણસ્થાનવાળો (પુરૂષવેદ અને સંજ્વલન કષાય પાંચનો અને મિથ્યાત્વી અથવા સમ્યગ્દ્રષ્ટિ શુભવિહાયોગતિ, મનુષ્યાયુ, સુરત્રિક, સુભગત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, અસાતાવેદનીય અને વજ્રઋષભનારાચ સંઘયણ (૧૩ પ્રકૃતિ) નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ॥ ૯૧ ॥

નિદ્દાપયલાદુજુઅલ, -ભયકુચ્છાતિત્થ સમ્મગો સુજઇ ।
આહારદુગંસેસા, ઉક્કોસપએસગા મિચ્છો ॥૯૨॥

સમ્યગ્દ્રષ્ટિ નિદ્રા, પ્રચલા, બે યુગલ, ભય, જુગુપ્સા અને તીર્થંકર નામને, રૂડો સાધુ આહારકદ્વિકને, અને મિથ્યાદ્રષ્ટિ બાકીની (૬૬) પ્રકૃતિઓને ઉત્કૃષ્ટ પ્રદેશબંધવાળી કરે. ॥ ૯૨ ॥

સુમુણી દુન્નિ અસન્નિ, નિરયતિગ-સુરાવિઉવ્વિદુગં ।
સમ્મો જિણં જહન્નં, સુહુમનિગોઆઇક્ખણિ સેસા ॥૯૩॥

અપ્રમત યતિ આહારકદ્વિકને, અસંજ્ઞિ પર્યાપ્તો નરકત્રિક તથા દેવાયુને સમ્યગ્દ્રષ્ટિ દેવદ્વિક, વૈક્રિયદ્વિક તથા જિન નામકર્મને અને અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ જીવ ઉત્પત્તિના પહેલા સમયે બાકીની (૧૦૯) પ્રકૃતિને જઘન્ય પ્રદેશબંધવાળી કરે. ॥ ૯૩ ॥

દંસણછગ-ભયકુચ્છા, બિતિ તુરિઅકસાય વિગ્ઘનાણાણં ।
મૂલછગેઅણુક્કોસો, ચઉહ દુહા સેસિ સવ્વત્થ ॥૯૪॥

દર્શનષટ્ક, ભય, જુગુપ્સા, બીજા ત્રીજા ચોથા કષાયો, પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણનો તથા મોહનીય અને આયુ વર્જીને છ મૂળ પ્રકૃતિને વિષે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે (સાદિ અનાદિ વગેરે) જાણવો. બાકીના ત્રણ પ્રકારના પ્રદેશબંધને વિષે અને બાકી રહેલ પ્રકૃતિના સર્વ પ્રકારના પ્રદેશબંધને વિષે સર્વ ભેદે (સાદિ અધ્રુવ) બંધ હોય. ॥ ૯૪ ॥

સેઢિઅસંખિજ્જંસે, જોગટ્ઠાણાણિ પયડિ-ઠિઇભેઆ ।
ઠિઇબંધજ્ઝવસાયા, ણુભાગઠાણા અસંખગુણા ॥૯૫॥

શ્રેણિના અસંખ્યાતમે ભાગે યોગસ્થાનો છે, તેથી પ્રકૃતિ ભેદો, સ્થિતિભેદો, સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો

અને રસબંધના અધ્યવસાયસ્થાનો અનુક્રમે અસંખ્યાત ગુણા છે. ॥ ૯૫ ॥

તત્તો કમ્મપએસા, અણંતગુણિઆ તઓ રસચ્છેઆ
જોગા પયડિપએસં, ઠિઇઅણુભાગં કસાયાઓ ॥૯૬॥

તે કરતાં કર્મના સ્કંધો અનંતગુણા અને તે કરતાં રસના અવિભાગપલિચ્છેદો અનંતગુણા છે. યોગ થકી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય તથા કષાય વડે સ્થિતિબંધ અને રસબંધ થાય. ॥ ૯૬ ॥

ચઉદસરજ્જુ લોગો, બુદ્ધિકઓ હોઇ સત્તરજ્જુમાણઘણો ।
તદ્દીહેગપએસા, સેઢી પયરો અ તવ્વગ્ગો ॥ ૯૭ ॥

ચૌદરાજ પ્રમાણ લોક તેને મતિકલ્પનાએ ઘન કરેલા સાત રાજ પ્રમાણ થાય. તે ઘમીકૃત લોકની લોકપ્રમાણ લાંબી એક પ્રદેશની શ્રેણી તે સૂચિશ્રેણિ. તેનો વર્ગ તે પ્રર જાણવો. ॥ ૯૭॥

અણ-દંસ-નપુંસિત્થી, વેઅચ્છક્કં ચ પુરિસવેઅં ચ ।
દો દો એગંતરિયા, સરિસે સરિસં ઉવસમેઇ ॥૯૮॥

(ઉપશમકશ્રેણિ કરનાર) અનંતાનુબંધિ કષાય, ત્રણ દર્શનમોહનીય, નપુંસક વેદ, સ્ત્રીવેદ, હાસ્યદિષટ્ક, પુરૂષવેદ અને સંજ્વલન એકેક કષાયને આંતરે બબે કષાયો સરખે સરખાને અનુક્રમે ઉપશમાવે ॥ ૯૮ ॥

અણમિચ્છમીસસમ્મં, તિઆઉઇગવિગલથીણતિગુજ્જોઅં ।
તિરિ-નિરય-થાવરદુગં, સાહારાયવ-અડ-નપુત્થી ॥૯૯॥

(ક્ષપકશ્રેણિ વાળો) અનંતાનુબંધિ કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમ્યકત્વ મોહનીય, ત્રણ આયુષ્ય, એકેંદ્રિય, વિકલેંદ્રિય થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણ નામ, આતપનામ, આઠ (બીજા ત્રીજા) કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ; ॥ ૯૯ ॥

છગપુમસંજલણા દો, -નિદ્દાવિગ્ઘાવરણખએ નાણી ।
દેવિંદસૂરિ-લિહિઅં, સયગમિણં આયસરણટ્ઠા ॥૧૦૦॥

હાસ્યષટ્ક, પુરૂષવેદ, સંજ્વલન કષાયો, બે નિદ્રા, પાંચ અંતરાય અને નવ આવરણનો ક્ષય થયે છતે કેવળી થાય. શ્રી દેવેંદ્રસૂરિએ આ શતકનામા કર્મગ્રંથ પોતાને સંભારવા માટે લખ્યો. ॥ ૧૦૦ ॥

પાંચમો કર્મગ્રંથ સમાપ્ત

છઠ્ઠો કર્મગ્રંથ

સિદ્ધિપએહિં મહત્થં, બંધોદયસંતપયડિઠાણાણં ।
વુચ્છં સુણ સંખેવં, નીસંદં દિટ્ઠિવાયસ્સ ॥૧॥

સિદ્ધ થયેલાં છે પદો જેને વિષે એવા ગ્રંથોથકી બંધ ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનોના મોટા અર્થવાળા અને ષ્ટિવાદ સૂત્રના ઝરણારૂપ (બિંદુ તુલ્ય) સંક્ષેપને હું (ચંદ્રમહત્તરાચાર્ય) કહીશ. (હે શિષ્ય !તું) સાંભળ. ॥ ૧ ॥

કઇ બંધંતો વેયઇ ?, કઇ કઇ વા સંતપયડિઠાણાણિ
મૂલુત્તરપગઇસું, ભંગવિગપ્પા મુણેઅવ્વા ॥૨॥

કેટલી પ્રકૃતિ વેદે ? અથવા કેટલી પ્રકૃતિ બાંધતા અને કેટલી પ્રકૃતિ વેદતાં પ્રકૃતિના સત્તાસ્થાન કેટલાં હોય ? (તે સંબંધિ) મૂળ અને ઉત્તર પ્રકૃતિને વિષે ભાંગાના વિકલ્પો જાણી લેવા. ॥ ૨ ॥

અટ્ઠવિહસત્તછબ્બંધએસુ, અટ્ઠેવ ઉદયસંતંસા ।
એગવિહે તિવિગપ્પો, એગવિગપ્પો અબંધંમિ ॥૩॥

અષ્ટવિધ, સપ્તવિધ અને ષડ્વિધ બંધકને વિષે ઉદય અને સત્તાએ આઠે કર્મ હોય, એકવિધ બંધકને વિષે ત્રણ વિકલ્પો અને બંધના અભાવે એક વિકલ્પ હોય. ॥ ૩ ॥

સત્તટ્ઠબંધ અટ્ઠુદય-સંત તેરસસુ જીવઠાણેસુ ।
એગંમિ પંચ ભંગા દો ભંગા હુંતિ કેવલિણો ॥૪॥

(પ્રથમના) તેર જીવસ્થાનોને વિષે સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા અને આઠનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા હોય, એક (પર્યાપ્ત સંજ્ઞિપંચેંદ્રિય) જીવસ્થાનને વિષે પાંચ ભાંગા હોય અને કેવળીને બે ભાંગા હોય. ॥ ૪ ॥

અટ્ઠસુ એગવિગપ્પો, છસ્સુવિ ગુણસન્નિએસુ દુવિગપ્પો ।
પત્તેઅં પત્તેઅં, બંધોદયસંતકમ્માણં ॥૫॥

આઠ ગુણસ્થાનને વિષે દરેકને એક વિકલ્પ અને છ ગુણસ્થાનોને વિષે દરેકને બે વિકલ્પો બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિસ્થાનોના જાણવા. ॥ ૫ ॥

પંચ નવ દુન્નિ અટ્ઠા-વીસા ચઉરો તહેવ બાયાલા ।
દુન્નિ અ પંચ ય ભણિયા, પયડીઓ આણુપુવ્વીએ ॥૬॥

પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર તેમજ બહેંતાળીશ, બે અને પાંચ પ્રકૃતિઓ અનુક્રમે આઠ કર્મની કહેલી છે. ॥ ૬ ॥

બંધોદયસંતંસા, નાણાવરણંતરાઇએ પંચ ।
બંધોવરમેવિ ઉદય, સંતંસા હુંતિ પંચેવ ॥૭॥

જ્ઞાનાવરણ અને અંતરાય કર્મને વિષે બંધ, ઉદય અને સત્તારૂપ અંશો પાંચ પ્રકૃતિના હોય. બંધના અભાવે પણ ઉદય અને સત્તા પાંચ પ્રકૃત્યાત્મકજ હોય. ॥ ૭ ॥

બંધસ્સ ય સંતસ્સ ય, પગઇટ્ઠાણાઇ તિણ્ણિ તુલ્લાઇ ।
ઉદયઠાણાઇ દુવે, ચઉ પણગં દંસણાવરણે ॥૮॥

દર્શનાવરણને વિષે બંધનાં અને સત્તાનાં પ્રકૃતિ સ્થાનો ત્રણ (૯-૬-૪) સરખાં હોય. ઉદયસ્થાનો ચાર તથા પાંચ પ્રકૃતિનાં એમ બે હોય. ॥ ૮ ॥

બીઆવરણે નવબંધએસુ, ચઉપંચઉદય નવસંતા ।
છચ્ચઉબંધે ચેવં, ચઉબંધુદએ છલંસા ય ॥૯॥

દર્શનાવરણને વિષે નવવિધ બંધકને વિષે ચાર અથવા પાંચનો ઉદય અને નવ પ્રકૃતિની સત્તા હોય. છ અને ચારના બંધે પૂર્વોક્ત પ્રકારે ઉદય સત્તા હોય. ચારના બંધ અને ચારના ઉદયને વિષે છની સત્તા પણ હોય. ॥ ૯ ॥

ઉવરયબંધે ચઉ પણ, નવંસ ચઉસદય છચ્ચચઉસંતા ।
વેઅણિઆઉયગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૧૦॥

બંધનો વિચ્છેદ થયે છતે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા (એ બે ભાંગા) તેમજ ચારનો ઉદય અને છ અથવા ચારની સત્તા હોય. વેદનીય. આયુષ્ય અને ગોત્રકર્મને વિષે (સંવેધ આશ્રયીને બંધાદિ સ્થાનના) ભાંગા કહીને મોહનીય કર્મના ભાંગા હવે પછી કહીશું. ॥ ૧૦ ॥

ગોઅંમિ સત્ત ભંગા, અટ્ઠ ય ભંગા હવંતિ વેઅણિએ ।
પણ નવ નવ પણ ભંગા, આઉચઉક્કેવિ કમસો ઉ ॥૧૧॥

ગોત્રકર્મને વિષે સાત ભાંગા, અને વેદનીય કર્મને

વિષે આઠ ભાંગા હોય. ચારે આયુષ્યને વિષે તો અનુક્રમે પાંચ, નવ, નવ અને પાંચ ભાંગા હોય. ॥ ૧૧ ॥

બાવીસ ઇક્કવીસા, સત્તરસં તેરસેવ નવ પંચ ।
ચઉ તિગ દુગં ચ ઇક્કં, બંધટ્ઠાણાણી મોહસ્સ ॥૧૨॥

બાવીશ, એકવીશ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક, પ્રકૃતિ (એમ દશ) બંધસ્થાનકો મોહનીય કર્મના હોય. ॥ ૧૨ ॥

એગં વ દો વ ચઉરો, એત્તો એગાહિઆ દસુક્કોસા
ઓહેણ મોહણિજ્જે, ઉદયટ્ઠાણાણિ નવ હુંતિ ॥૧૩॥

એક, બે, ચાર, એ (ચાર) થી આગળ એક એક પ્રકૃતિએ અધિક ઉત્કૃષ્ટ દશ પ્રકૃતિ સુધીના (એમ) નવ ઉદય સ્થાનકો મોહનીય કર્મને વિષે સામાન્ય હોય છે. ॥ ૧૩ ॥

અટ્ઠય સત્તય છચ્ચઉ, તિગ દુગ એગાહિઆ ભવે વીસા ।
તેરસ બારિક્કા-રસ, ઈત્તો પંચાઇ એગૂણા ॥૧૪॥
સંતસ્સ પયડિઠાણાણિ, તાણિ મોહસ્સ હુંતિ પન્નરસ ।
બંધોદયસંતે પુણ, ભંગવિગપ્પે બહુ જાણ ॥૧૫॥

૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, એથી આગળ પાંચથી માંડીને એક એક ઓછી પ્રકૃતિ (૫-૪-૩-૨-૧) નાં;તે મોહનીય કર્મનાં સત્તાનાં પ્રકૃતિ સ્થાનો

દસ હોય છે. બંધ, ઉદય, અને સત્તાસ્થાનને વિષે વળી ભાંગાના વિકલ્પો ઘણા (થાય છે તે) જાણો. ॥ ૧૪-૧૫ ॥

છબ્બાવીસે ચઉ ઇગ વીસે, સત્તરસ તેરસે દો દો ।
નવબંધગે વિ દુણ્ણિ ઉ, ઇક્કિક્કમઓ પરં ભંગા ॥૧૬॥

૨બાવીશના બંધે છ, એકવીશના બંધે ચાર; સત્તર તથા તેરના બંધે બે અને નવના બંધે પણ બે ભાંગા હોય, એ (નવના બંધ) થી આગળના બંધે એક એક ભાંગો હોય. ॥ ૧૬ ॥

દસબાવીસે નવ ઇગ-વીસે સત્તાઇ ઉદયકમ્મંસા ।
છાઇ નવ સત્તરસે, તેરે પંચાઇ અટ્ઠેવ ॥૧૭॥

બાવીશ પ્રકૃતિના બંધે સાતથી દશ પર્યંત એકવીશના બંધે સાતથી નવ પર્યંત, સત્તરના બંધે છ થી નવ પર્યંત અને તેરના બંધે પાંચથી આઠ પર્યંત ઉદયસ્થાનો હોય. ॥ ૧૭ ॥

ચત્તારિઆઇ નવબંધએસુ, ઉક્કોસ સત્તમુદયંસા ।
પંચવિહબંધગે પુણ, ઉદઓ દુણ્હં મુણેઅવ્વો ॥૧૮॥

નવ પ્રકૃતિના બંધકોને વિષે ચારથી માંડીને ઉત્કૃષ્ટ સાત પર્યંત ઉદયસ્થાનો હોય. પાંચ પ્રકૃતિના બંધકને વિષે વળી બે પ્રકૃતિનો ઉદય જાણવો. ॥ ૧૮ ॥

ઇત્તો ચઉબંધાઇ, ઇક્કિક્કુદયા હવંતિ સવ્વેવિ ।
બંધોવરમે વિ તહા, ઉદયાભાવે વિ વા હુજ્જા ॥૧૯॥

એ (પાંચ પ્રકૃતિના બંધ) પછી ચાર પ્રકૃતિ વગેરે (૪-૩-૨-૧) ના બંધો સર્વે એક પ્રકૃતિના ઉદયવાળા હોય છે. બંધના અભાવે પણ તેમજ (એક પ્રકૃતિનો ઉદય) હોય ઉદયના અભાવે પણ મોહનીયની સત્તા વિકલ્પે હોય. ॥ ૧૯ ॥

ઇક્કગ છક્કિક્કારસ, દસ સત્ત ચઉક્ક ઇક્કગં ચેવ ।
એએ ચઉવીસગયા, બાર દુગિક્કંમિ ઇક્કારા ॥૨૦॥
(પાઠાંતરે - ચઉવીસ દુગિક્કમિક્કારા)

દશ વગેરે ઉદયસ્થાન ને (૧૦-૯-૮-૭-૬-૫-૪-) આશ્રયીને અનુક્રમે એક, છ, અગ્યાર, દશ, સાત, ચાર અને એક એ પ્રકારે ચોવીશની સંખ્યાવાળા ભાંગા નિશ્ચયે હોય, બે પ્રકૃતિના ઉદયે બાર અને એક પ્રકૃતિના ઉદયે અગ્યાર ભાંગા હોય. (મતાંતરે બે પ્રકૃતિના ઉદયે ચોવીશ ભાંગા હોય) ॥ ૨૦ ॥

નવતેસીઇસએહીં, ઉદયવિગપ્પેહિં મોહીઆ જીવા ।
અઉણુત્તરિ-સીઆલા, પયવિંદ-સએહિં વિન્નેઆ ॥૨૧॥

નવસો ત્ર્યાંસી ઉદયના વિકલ્પે તેમજ ૬૯૪૭ પદ (પ્રકૃતિ) ના સમૂહ સંસારી જીવો મુઝાયેલા જાણવા. ॥ ૨૧ ॥

નવપંચાણઉઅસએ, ઉદયવિગપ્પેહિં મોહિઆ જીવા ।
અઉણુત્તરિ સીયાલા, પયવિંદસએહિં વિન્નેઆ ॥૨૨॥

મતાંતરે નવશેપંચાણુ ઉદયના અને ૬૯૭૧ પ્રકૃતિના સમૂહે સંસારી જીવો મુંઝાયેલા જાણવા. ॥ ૨૨ ॥

તિ ન્નેવ ય બાવીસે, ઇગવીસે અટ્ઠવીસ સત્તરસે ।
છચ્ચેવ તેર-નવ-બંધએસુ પંચસુ ઠાણાણિ ॥૨૩॥

બાવીશ પ્રકૃતિના બંધે ત્રણજ સત્તાસ્થાનો હોય, એકવીશના બંધે અટ્ઠાવીશ પ્રકૃતિનું એક સત્તાસ્થાન, સત્તરના બંધે છ સત્તાસ્થાન અને તેર તથા નવ પ્રકૃતિના બંધકને પાંચ પાંચ સત્તાસ્થાનો નિશ્ચયે હોય. ॥ ૨૩ ॥

પંચવિહ-ચઉવિહેસું, છ છક્ક સેસસુ જાણ પંચેવ ।
પત્તેઅં પત્તેઅં, ચત્તારિ બંધવુચ્છેએ ॥૨૪॥

પંચવિધ અને ચતુર્વિધને વિષે છ છ સત્તાસ્થાનો અને બાકીના બંધસ્થાનને વિષે દરેકને પાંચ જ સત્તાસ્થાન જાણવાં, બંધના વિચ્છેદે ચાર સત્તાસ્થાન હોય. ॥ ૨૪ ॥

દસ-નવ-પન્નરસાઇં, બંધોદય સંત-પયડિઠાણાણિ ।
ભણિઆણિ મોહણિજ્જે, ઇત્તો નામં પરં વુચ્છં ॥૨૫॥

મોહનીય કર્મને વિષે બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો (અનુક્રમે) દશ, નવ અને પંદર કહ્યાં અહીંથી આગળ નામકર્મનાં કહીશું ॥ ૨૫ ॥

તેવીસ પન્નવીસા, છવ્વીસા અટ્ઠવીસ ગુણતીસા ।
તીસેગતીસમેગં, બંધટ્ઠાણાણિ નામસ્સ ॥૨૬॥

૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, અને ૧ પ્રકૃતિના (એમ આઠ) બંધસ્થાનો નામકર્મનાં જાણવાં ॥ ૨૬ ॥

ચઉ પણવીસા સોલસ, નવ બાણઉઇ સચા ચ અડચાલા ।
એચાલુત્તર છાચાલ, સચા ઇક્કિક્ક બંધવિહી ॥૨૭॥

ત્રેવીશ વગેરે બંધસ્થાન ને આશ્રયીને અનુક્રમે ચાર, પચીશ, સોળ, નવ, બાણું, અડતાળીશ (૯૨૪૮), છેંતાલીશ, એકતાળીશ (૪૬૪૧), એક અને એક એટલા બંધના ભાંગા જાણવા. ॥ ૨૭ ॥

વીસીગવીસા ચઉવીસગાઉ, એગાંહીઆ ચ ઇગતીસા ।
ઉદયટ્ઠાણાણિ ભવે, નવ અટ્ઠય ચ હુંતિ નામસ્સ ॥૨૮॥

વીશ, એકવીશ, બાવીશથી માંડીને એક એક પ્રકૃતિએ અધિક એકત્રીશ પર્યંત (૨૪-૨૫--૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧), નવ અને આઠ પ્રકૃતિનાં એમ નામકર્મનાં ઉદયસ્થાનો (બાર) હોય. ॥ ૨૮ ॥

ઇક્ક બિઆલિક્કારસ, તિત્તીસા છસ્સચાણિ તિત્તીસા ।
બારસ સત્તરસચાણ-હિગાણિ-બિપંચસીઇહિં ॥૨૯॥
અઉણત્તીસિક્કારસ, સચાણિહિઅસતરપંચસટ્ઠીહિં ।
ઇક્કિક્કગં ચ વીસા, દટ્ઠુદયંતેસુ ઉદયવિહી ॥૩૦॥

વીશ પ્રકૃતિના ઉદયસ્થાનથી માંડીને આઠ પ્રકૃતિના ઉદયસ્થાન સુધી અનુક્રમે ૧, ૪૨, ૧૧, ૩૩, ૬૦૦, ૩૩, ૧૨૦૨, ૧૭૮૫, ૨૯૧૭, ૧૧૬૫, ૧ અને ૧ ઉદયના ભાંગા થાય છે. ॥ ૨૯-૩૦ ॥

તિદુનઉઇ-ગુણનઉઇ, અડસી છલસી અસીઇ ગુણસીઇ ।

અટ્ઠ ય છપ્પન્નત્તરિ, નવ અટ્ઠય ચ નામસંતાણિ ॥૩૧॥

૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮, ૭૬, ૭૫, ૯, અને ૮ પ્રકૃતિનાં (એ બાર) નામકર્મનાં સત્તાસ્થાનો જાણવાં. ॥ ૩૧ ॥

અટ્ઠ ય બારસ બારસ, બંધોદય સંત-પયડિઠાણાણિ ।

ઓ᳚ ણાએસેણ ય, જત્થ જહાસંભવં વિભજે ॥૩૨॥

નામકર્મનાં બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો અનુક્રમે આઠ, બાર અને બાર હોય. તે સામાન્ય અને વિશેષ જ્યાં જેટલાં સંભવે ત્યાં તેટલા વિકલ્પ કરવા. ॥ ૩૨ ॥

નવ પણગોદયસંતા, તેવીસે પન્નવીસ છવ્વીસે ।

અટ્ઠ ચઉરટ્ઠવીસે નવ સગિ ગુણતીસ તીસંમિ ॥૩૩॥

ત્રેવીશ, પચીશ અને છવીશના બંધે નવ નવ ઉદય સ્થાન અને પાંચ પાંચ સત્તાસ્થાન હોય.અટ્ઠાવીશના બંધકસ્થાનકે આઠ ઉદયસ્થાન અને ચાર સત્તાસ્થાન હોય, ઓગણત્રીશ અને આઠ ઉદયસ્થાન અને ચાર સત્તાસ્થાન હોય, ઓગણત્રીશ અને ત્રીશના બંધે નવ ઉદયસ્થાનઅને સાત સત્તાસ્થાન હોય. ॥૩૩॥

એગેગમેગતીસે, એગે એગુદય અટ્ઠ સંતંમિ ।

ઉવરયબંધે દસ દસ, વેઅગસંતંમિ ઠાણાણિ ॥૩૪॥

એકત્રીશના બંધે એક ઉદયસ્થાન અને એક સત્તાસ્થાન હોય. એકને બંધે એક ઉદયસ્થાન અને આઠ સત્તાસ્થાન હોય. બંધના અભાવે ઉદય અને સત્તાને વિષે દશ દશ સ્થાનો જાણવાં. ॥ ૩૪ ॥

તિવિગપ્પ-પગઇ-ઠાણેહિં, જીવ ગુણસન્નિએસુ ઠાણેસુ ।
ભંગા પઉંજિઅવ્વા, જત્થ જહા સંભવો ભવઇ ॥૩૫॥

બંધ, ઉદય અને સત્તારૂપ ત્રણ વિકલ્પનાં પ્રકૃતિસ્થાનોએ કરી જીવ સંજ્ઞાવાળા અને ગુણ સંજ્ઞાવાળા સ્થાનો (જીવસ્થાન, ગુણસ્થાન) ને વિષે જ્યાં જેટલાંનો સંભવ હોય ત્યાં તેટલા ભાંગા ઘટાવવા. ॥ ૩૫ ॥

તેરસસુ જીવ-સંખેવએસુ, નાણંતરાય-તિવિગપ્પો ।
ઇક્કંમિ તિદુવિગપ્પો, કરણપઇ ઇત્થ અવિગપ્પો ॥૩૬॥

તેર જીવસ્થાનોને વિષે જ્ઞાનાવરણ અને અંતરાયકર્મનો ત્રણ વિકલ્પોવાળો ભાંગો અને એક જીવસ્થાનને વિષે ત્રણ અથવા બે વિકલ્પવાળો ભાંગો હોય. દ્રવ્યમનવાળાને આશ્રયીને અહી વિકલ્પનો અભાવ છે. ॥ ૩૬ ॥

તેરે નવ ચઉ પણગં, નવ સંતેગંમિ ભંગમિક્કારા ।
વેઅણિ-આઉચ-ગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૩૭॥

તેર જીવસ્થાનને વિષે દર્શનાવરણ કર્મનો નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય, અને

એક જીવસ્થાનને વિષે અગ્યાર ભાંગા હોય. વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે બંધાદિસ્થાનોના ભાંગા વહેંચીને મોહનીય કર્મ આગળ કહીશું. ॥ ૩૭ ॥

પજ્જત્તગ-સન્નિઅરે, અટ્ઠ ચઉક્કં ચ વેઅણિઅભંગા ।

સત્ત ચ તિગં ચ ગોએ, પત્તેઅં જીવઠાણેસુ ॥૩૮॥

પર્યાપ્તા સંજ્ઞી પંચેદ્રિયને વિષે વેદનીયકર્મના આઠ અને તેર જીવસ્થાનને વિષે ચાર ભાંગા હોય ગોત્રકર્મના સંજ્ઞી પંચેદ્રિયને વિષે સાત અને તેર જીવસ્થાનને વિષે ત્રણ ભાંગા પ્રત્યેક જીવસ્થાનને વિષે કહેવા. ॥ ૩૮ ॥

પજ્જત્તાડપજ્જત્તગ, સમણે પજ્જત્તઅમણ સેસેસુ ।

અટ્ઠાવીસં દસગં, નવગં પણગં ચ આઉસ્સ ॥૩૯॥

પર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિય, અપર્યાપ્તા સંજ્ઞી પંચેદ્રિય પર્યાપ્તા અસંજ્ઞી પંચેદ્રિય અને બાકીના (અપર્યાપ્તા અગ્યાર અસંજ્ઞી) જીવસ્થાનોને વિષે આયુષ્યકર્મના અનુક્રમે અટ્ઠાવીશ, દશ, નવ અને પાંચ ભાંગા હોય. ॥ ૩૯ ॥

અટ્ઠસુ પંચસુ એગે, એગ દુગં દસ ચ મોહબંધગએ ।

તિગ ચઉ નવ ઉદયગએ, તિગતિગ પન્નરસ સંતંમિ ॥૪૦॥

આઠ પાંચ અને એક જીવસ્થાનને વિષે અનુક્રમે એક, બે અને દશ મોહનીય કર્મનાં બંધગત સ્થાનો હોય; ત્રણ, ચાર

અને નવ ઉદયગતસ્થાનો અને ત્રણ અને પંદર સત્તાને વિષે સ્થાનો જાણવા. ॥ ૪૦ ॥

પણ દુગ પણગં પણ ચઉ, પણગં પણગા હવંતિ તિન્નેવ ।
પણ છપ્પણગં છચ્છ-પ્પણગં અટ્ઠટ્ઠ દસગં તિ ॥૪૧॥
સત્તેવઅપજ્જત્તા, સામી સુહુમા ય બાયરા ચેવ ।
વિગલિંદિઆઉતિન્નિ ઉ, તહ ય અસન્ની અ સન્ની અ ॥૪૨॥

પાંચ, બે, પાંચપાંચ; ચાર, પાંચ; પાંચ, પાંચ; પાંચ, પાંચ, છ, પાંચ; છ, છ, પાંચ; અને આઠ, આઠ, દશ એમ બંધ ઉદય અને સત્તા સ્થાનો હોય. તેના સ્વામી અનુક્રમે સાતે અપર્યાપ્તા, સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા, બાદર અકેંદ્રિયપર્યાપ્તા, ત્રણ વિકલેંદ્રિય પર્યાપ્તા, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા તેમજ સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તા જાણવા. ॥ ૪૧-૪૨ ॥

નાણંતરાય તિવિહમવિ, દસસુ દો હુંતિ દોસુ ઠાણેસુ ।
મિચ્છાસાણે બીએ, નવ ચઉ પણ નવ ય સંતંસા ॥ ૪૩ ॥

જ્ઞાનવરણ અને અંતરાય કર્મ ત્રણ પ્રકારનું (બંધ, ઉદય અને સત્તાની અપેક્ષાએ) દશ ગુણસ્થાનકને વિષે હોય, બે (૧૧-૧૨) ગુણસ્થાનને વિષે ઉદય અને સત્તા બે હોય. મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણસ્થાને દર્શનાવરણને નવનો બંધ, પાંચ અથવા ચારનો ઉદય અને નવની સત્તા હોય. ॥ ૪૩॥

મિસ્સાઇ નિઅટ્ટીઓ, છચ્ચઉ પણ નવ ય સંતકમ્મંસા ।
ચઉબંધ તિગે ચઉ પણ, નવંસ દુસુ જુઅલ છસ્સંતા ॥ ૪૪ ॥

મિશ્ર ગુણસ્થાનથી માંડીને અપૂર્વકરણ (ના પહેલા સંખ્યાતમા ભાગ) પર્યંત છનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવ સત્તાપ્રકૃતિ હોય. અપૂર્વકરણાદિ ત્રણ ગુણસ્થાનનેવિષે ચારનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય. બે (ક્ષપક આશ્રયી ૯-૧૦) ગુણસ્થાને ચારનો બંધ તથા ઉદય અને છની સત્તા હોય. ॥ ૪૪ ॥

ઉવસંતે ચઉ પણ નવ, ખીણે ચઉરુદય છચ્ચ ચઉ સંતા ।
વેઅણિ-આઉઅ-ગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥ ૪૫ ॥

ઉપશાંતમોહે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય, ક્ષીણમોહે ચારનો ઉદય અને છ અથવા ચારની સત્તા હોય, વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે ભાંગા વહેંચીને પછી મોહનીય કર્મને વિષે કહીશું. ॥૪૫॥

ચઉ છસ્સુ દુન્નિ સત્તસુ, એગે ચઉગુણિસુ વિઅણિઅભંગા ।
ગોએ પણ ચઉ દો તિસુ, એગટ્ઠસુ દુન્નિ ઇક્કંમિ ॥ ૪૬ ॥

વેદનીય કર્મના છ ગુણસ્થાને ચારભાંગા, અપ્રમત્તાદિ સાત ગુણસ્થાને બે ભાંગા અને એક ગુણસ્થાને ચાર ભાંગા હોય ગોત્રકર્મના મિથ્યાત્વે પાંચ, સાસ્વાદને ચાર, મિશ્રાદિ

ત્રણ ગુણસ્થાને બે, પ્રમત્તાદિ આઠ ગુણઠાણે એક અને એક (અયોગી) ગુણસ્થાને બે ભાંગા હોય. ॥ ૪૬ ॥

અટ્ઠચ્છાહિગવીસા, સોલસ વીસં ચ બારસ છ દોસુ ।
દો ચઉસુ તીસુ ઇક્કં, મિચ્છાઇસુ આઉએ ભંગા ॥ ૪૭ ॥

મિથ્યાત્વાદિ ગુણસ્થાનોને વિષે આયુષ્ય કર્મના અટ્ઠાવીશ, છવ્વીશ, સોલ, વીશ, બાર, બે (પ્રમત્ત અપ્રમત્ત) ને વિષે છ, ચાર ગુણસ્થાને બે અને ત્રણ ગુણસ્થાન એક ભાંગો હોય. ॥ ૪૭ ॥

ગુણઠાણએસુ અટ્ઠસુ, ઇક્કિક્કં મોહબંધઠાણં તુ ।
પંચ અનિઅટ્ટિઠાણે, બંધોવરમો પરં તત્તો ॥ ૪૮ ॥

મિથ્યાત્વાદિ આઠ ગુણસ્થાનને વિષે મોહનીય કર્મનું બંધસ્થાન એક એક હોય. અનિવૃત્તિબાદર ગુણસ્થાને પાંચ બંધસ્થાન હોય, તે (અનિવૃત્તિબાદર) થી આગળ બંધનો અભાવ હોય. ॥ ૪૮ ॥

સત્તાઇ દસ ઉ મિચ્છે, સાસયણમીસએ નવુક્કોસા ।
છાઇ નવ ઉ અવિરએ, દેસે પંચાઇ અટ્ઠેવ ॥ ૪૯ ॥
વિરએ ખઓવસમિએ, ચઉરાઇ સત્ત છચ્ચ પુવ્વંમિ ।
અનિઅટ્ટિબાયરે પુણ, ઇક્કો વ દુવે વ ઉદયંસા ॥ ૫૦ ॥

મિથ્યાત્વે પ્રકૃતિથી માંડીને ઉત્કૃષ્ટ દશ પર્યંત, સાંસ્વાદન અને મિશ્રે સાતથી નવ પર્યંતના, અવિરત

સમ્યગદ્રષ્ટિએ છ થી નવ પર્યંતના દેશવિરતે પાંચથી આઠ પર્યંતના, પ્રમત્તે તથા અપ્રમત્તે ચારથી ૭ પર્યંતના, અપૂર્વકરણે ચારથી છ પર્યંતના અને અનિવૃતિ બાદર ગુણઠાણે વળી એક અથવા બે ઉદયસ્થાનો મોહનીયનાં હોય. ॥ ૪૯-૫૦ ॥

એગં સુહુમસરાગો, વેએઇ અવેઅગા ભવે સેસા ।

ભંગાણં ચ પમાણં પુવ્વુદ્દિટ્ઠેણ નાયવ્વં ॥ ૫૧ ॥

સૂક્ષ્મસંપરાયવાળો એક પ્રકૃતિ વેદે, બાકીના (૧૧-૧૨-૧૩-૧૪) ગુણસ્થાનવાળા અવેદક (ઉદય વિનાના) હોય. ભાંગાનું પ્રમાણ પૂર્વે કહ્યા મુજબ જાણવું ॥ ૫૧ ॥

ઇક્ક છડિક્કારિક્કા, -રસેવ ઇક્કારસેવ નવ તિન્નિ ।

એએ ચઉવીસગયા, બાર દુગે પંચ ઇક્કંમિ ॥ ૫૨ ॥

દશાદિ (૧૦-૯-૮-૭-૬-૫-૪) ઉદયસ્થાન આશ્રયી અનુક્રમે એક, છ, એક, અગ્યાર, અગ્યાર, નવ અને ત્રણ ચોવીશ ભાંગા હોય. બેના ઉદયે બાર ભાંગા અને એકના ઉદયે પાંચ ભાંગા હોય. ॥ ૫૨ ॥

બારસ-પણસટ્ઠિ સયા, ઉદયવિગપ્પેહીં મોહિઆ જીવા ।

ચુલસીઇ સત્તુત્તરિ, પયવિંદસએહીં વિન્નેઆ ॥ ૫૩ ॥

બારસો અને પાંસઠ ઉદયના વિકલ્પો વડે અને ચોરાશીસો ને સીત્યોત્તેર પ્રકૃતિ સમૂહે કરી સંસારી જીવો

મુંઝાયેલા જાણવા. ॥ ૫૩ ॥

અટ્ઠગ ચઉ ચઉ ચઉરટ્ઠગા ય, ચઉરો અ હુંતિ ચઉવીસા ।
મિચ્છાઇ-અપુવ્વંતા, બારસ પણગં ચ અનિઅટ્ટી ॥ ૫૪ ॥

આઠ, ચાર, ચાર, ચાર ગુણસ્થાને આઠ, આઠ અને ચાર ચોવીશી ભાંગા મિથ્યાત્વ ગુણસ્થાનથી અપૂર્વકરણ પર્યંત અનુક્રમે હોય છે. અનિવૃત્તિબાદર ગુણસ્થાને બાર અને પાંચ ભાંગા હોય. ॥ ૫૪ ॥

જોગોવઓગલેસા-ઇએહિં ગુણિઆ હવંતિ કાયવ્વા ।
જે જત્થ ગુણટ્ઠાણે, હવંતિ તે તત્થ ગુણકારા ॥ ૫૫ ॥

યોગ, ઉપયોગ અને લેશ્યાદિકે (એ પૂર્વોક્ત ઉદય ભાંગા વગેરેને) ગુણવા. જે ગુણસ્થાને જેટલા યોગાદિ હોય તેટલા તે ગુણસ્થાને ગુણાકાર જાણવા. ॥ ૫૫ ॥

અટ્ઠટ્ઠી બત્તીસં બત્તીસં સટ્ઠિમેવ બાવન્ના ।
ચોઆલં દોસુ વીસા, વિઅ મિચ્છ માઇસુ સામન્નં ॥ ૫૬ ॥

અડસઠ, બત્રીશ, બત્રીશ, સાઠ, બાવન, બે, ગુણઠાણે ચુમાળીશ અને વીશ ઉદયપદો મિથ્યાત્વે ગુણસ્થાનાદિને વિષે સામાન્ય હોય. ॥ ૫૬ ॥

તિન્નેગે એગેગં, તિગ મીસે પંચ ચઉસુ તિગ પુવ્વે ।
ઇક્કાર બાયરંમિ ઉ, સુહુમે ચઉ તિન્નિ ઉવસંતિ ॥ ૫૭ ॥

મિથ્યાત્વ ગુણસ્થાને મોહનીય કર્મના ત્રણ સત્તાસ્થાનક, સાસ્વાદને એક સત્તાસ્થાનક, મિશ્રે ત્રણ સત્તાસ્થાન, અવિરત સમ્યગદૃષ્ટિ આદિ ચાર ગુણસ્થાને પાંચ પાંચ સત્તાસ્થાન અને અપૂર્વકરણે ત્રણ સત્તાસ્થાન હોય. બાદર સંપરાયે અગ્યાર, સૂક્ષ્મસંપરાયે ચાર અને ઉપશાંતમોહે ત્રણ સત્તાસ્થાન હોય. ॥ ૫૭ ॥

છન્નવ છક્કં તિગ સત્ત, દુગં દુગ તિગ દુગંતિ અટ્ઠ ચઉ ।
દુગ છચ્ચઉ દુગ પણ ચઉ, ચઉ દુગ ચઉ પણગ એગચઉ ॥૫૮॥
એગેગમટ્ઠ છઉમત્થ-કેવલિજિણાણં ।
એગ ચઉ એગ ચઉ, અટ્ઠ ચઉ દુ છક્કમુદયંસા ॥૫૯॥

છ, નવ, છ; ત્રણ, સાત, બે; બે, ત્રણ બે; ત્રણ, આઠ; ચાર; બે, છ, ચાર; બે પાંચ, ચાર; ચાર, બે ચાર;પાંચ, એક, ચાર; એક એક, આઠ; અને એક, એક, આઠ; એ પ્રકારે અનુક્રમે બંધ ઉદય અને સત્તાસ્થાનકો રહેલા દશ ગુણસ્થાનોને વિષે અનુક્રમે હોય, છદ્મસ્થ જિન (૧૧-૧૨) અને કેવળી જિન (૧૩-૧૪) ને અનુક્રમે એક, ચાર; એક, ચાર અને બે , છ, ઉદય અને સત્તાસ્થાનક હોય. ॥ ૫૮-૫૯ ॥

ચઉ પણવીસા સોલસ, નવ ચત્તાલા સયા ય બાણઉઇ ।
બત્તીસુત્તર છાયાલ-સયા મિચ્છસ્સ બંધવિહી ॥ ૬૦ ॥

મિથ્યાત્વ ગુણસ્થાને ૨૩-૨૫-૨૬-૨૮-૨૯ અને ૩૦ ના બંધસ્થાનકને વિષે અનુક્રમે ચાર, પચ્ચીશ, સોળ, નવ, બાણુંશેં ચાળીશ અને છેતાળીશસો બત્રીશ બંધના ભાંગા હોય. ॥ ૬૦ ॥

સટ્ઠ સયા ચઉસટ્ઠિં, બત્તીસસયાઇં સાસણે ભેઆ ।
અટ્ઠાવીસાઇસું, સવ્વાણટ્ઠહિહિગછન્નઉઇ ॥ ૬૧ ॥

સાસ્વાદન ગુણસ્થાને ૨૮-૨૯ અને ૩૦ ના બંધકને વિષે અનુક્રમે આઠ, ચોસઠશેં અને બત્રીશશેં બંધના ભાંગા હોય. અટ્ઠાવીશ આદિ (ત્રણ) બંધસ્થાનકને વિષે સર્વ ભાંગાની સંખ્યા છન્નુશે ને આઠ થાય. ॥ ૬૧ ॥

ઇગચત્તિગાર બત્તીસ, છસચઇગતીસિગારનવનઉઇ ।
સતરિગસિ ગુતીસચઉદ, ઇગારચઉસટ્ઠિ મિચ્છુદયા ॥ ૬૨ ॥

મિથ્યાત્વ ગુણસ્થાને ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ ના ઉદયસ્થાનોને વિષે અનુક્રમે ૪૧, ૪૧, ૧૧, ૩૨, ૬૦૦, ૩૧, ૧૧૯૯, ૧૭૮૧, ૨૯૧૪, અને ૧૧૬૪ ઉદયના ભાંગા હોય. ॥ ૬૨ ॥

બત્તીસ દુન્નિ અટ્ઠ ય, બાસીઇ સય ય પંચ નવ ઉદયા ।
બારહિઆ તેવીસા , બાવન્નિકારસ સયા ય ॥ ૬૩ ॥

સાસ્વાદન ગુણસ્થાને ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૯-૩૦-૩૧ ના ઉદયસ્થાનોને વિષે અનુક્રમે બત્રીશ, બે,

આઠ, પાંચશો બાશી, નવ, ત્રેવીશશેં બાર અને અગિયારશે બાવન ઉદયના ભાંગા હોય. ॥ ૬૩ ॥

દો છક્કટ્ઠ ચઉક્કં, પણ નવ ઇક્કાર છક્કગં ઉદયા ।
નેરઇઆઇસુ સત્તા, તિ પંચ ઇક્કારસ ચઉક્કં ॥ ૬૪ ॥

નારકી આદિ (નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા, ને વિષે અનુક્રમે બે, છ, આઠ અને ચાર બંધસ્થાન પાંચ, નવ, અગ્યાર અને છ ઉદયસ્થાન અને ત્રણ, પાંચ, અગ્યાર અને ચાર સત્તાસ્થાન જાણવાં ॥ ૬૪ ॥

ઇગ વિગલિંદિઅ સગલે, પણ પંચ ય અટ્ઠ બંધઠાણાણિ ।
પણ છક્કિક્કારુદયા, પણ પણ બારસય સંતાણિ ॥ ૬૫ ॥

એકેંદ્રિય અને વિકલેંદ્રિય અને પંચેદ્રિયને વિષે અનુક્રમે પાંચ, પાંચ અને આઠ બંધસ્થાનો; પાંચ, છ અને અગ્યાર ઉદયસ્થાનો અને પાંચ, પાંચ અને બાર સત્તાસ્થાનો જાણવાં. ॥ ૬૫ ॥

ઇઅ કમ્મપગઇ-ઠાણાણિ, સુટ્ઠુ બંધુદય-સંતકમ્માણં ।
ગઇઆઇએહિં અટ્ઠસુ, ચઉપ્પયારેણ નેઆણિ ॥ ૬૬ ॥

એ પૂર્વોક્ત પ્રકારે બંધ, ઉદય અને સત્તા સંબંધી કર્મપ્રકૃતિનાં સ્થાનોને અત્યંત ઉપયોગી રાખીને ગતિ આદિમાર્ગણાસ્થાનોવડે આઠ અનુયોગ દ્વારોને વિષે ચાર (પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ) પ્રકારે જાણવા. ॥ ૬૬ ॥

ઉદયસ્સુદીરણાએ, સામિત્તાઓ ન વિજ્જઇ વિસેસો ।
મુત્તૂણ ય ઇગયાલં, સેસાણં સવ્વપયડીણં ॥ ૬૭ ॥

ઉદય અને ઉદીરણાના સ્વામીપણાને આશ્રયીને એકતાળીશ પ્રકૃતિને મૂકીને (વર્જીને) બાકીની સર્વ (૮૧) પ્રકૃતિનો ફેરફાર નથી (અર્થાત્ ૮૧ પ્રકૃતિ જ્યારે જ્યારે ઉદયમાં હોય ત્યારે ત્યારે ઉદીરણામાં પણ હોય.) ॥ ૬૭ ॥

નાણાંતરાય-દસગં દંસણનવ વેઅણિજ્જ મિચ્છતં ।
સમ્મત્ત લોભ વેઆ-ઉઆણિ નવનામ ઉચ્ચં ચ ॥ ૬૮ ॥

જ્ઞાનાવરણ અને અંતરાય મળીને દશ, દર્શનાવરણની નવ, બે વેદનીય, મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ત્વ મોહનીય સંજ્વલન લોભ, ત્રણ વેદ, ચાર આયુષ્ય, નામકર્મની નવ પ્રકૃતિ અને ઉચ્ચ ગોત્ર (એ એકતાળીશ પ્રકૃતિની ઉદય ઉદીરણા સમકાળે ન હોય. ॥ ૬૮ ॥

તિત્થયરાહારગ-વિરહિઆઉ, અજ્જેઇ સવ્વપયડીઓ ।
મિચ્છત્તવેઅગો સાસણોવિ, ગુણવસસેસાઓ ॥ ૬૯ ॥

મિથ્યાદ્રષ્ટિ તીર્થંકર નામકર્મ અને આહારદ્વિક વિના સર્વ (૧૧૭) પ્રકૃતિઓ બાંધે, સાસ્વાદન ગુણસ્થાનવાળો ઓગણીશ વર્જીને બાકીની (એકસો એક) પ્રકૃતિ બાંધે. ॥ ૬૯ ॥

છાયાલસેસ મીસો, અવિરયસમ્મો તિઆલપરિસેસા ।
તેવન્ન દેસવિરઓ, વિરઓ સગવન્નસેસાઓ ॥ ૭૦ ॥

મિશ્રદ્રષ્ટિ છેંતાળીશ વર્જીને બાકીની, અવિરત સમ્યગ્દ્રષ્ટિ તેંતાળીશ વર્જીને બાકીની, દેશવિરત ત્રેપન વર્જીને બાકીને અને પ્રમત્ત સાધુ સત્તાવન વર્જીને બાકીની પ્રકૃતિઓ બાંધે. ॥ ૭૦ ॥

ઇગુણટ્ઠિ-મપ્પમત્તો, બંધઇ દેવાઉઅસ્સ ઇઅરોવિ ।
અટ્ઠાવન્ન-મપુવ્વો, છપ્પન્નં વાવિ છવ્વીસં ॥ ૭૧ ॥

અપ્રમત્તસંયત ઓગણસાઠ પ્રકૃતિ બાંધે, અપ્રમત્ત પણ દેવાયુનો બંધક છે. અપૂર્વકરણ ગુણસ્થાનકવાળો અટ્ઠાવન, છપ્પન અથવા છવ્વીસ પ્રકૃતિ બાંધે. ॥ ૭૧ ॥

બાવીસા એગૂણં, બંધઇ અટ્ઠારસંત-મનિઅટ્ટિ ।
સત્તરસ સુહુમસરાગો, સાયમમોહો સજોગુત્તિ ॥ ૭૨ ॥

અનિવૃત્તિ બાદરવાળો બાવીશ અથવા એકેક ઓછી અઢાર પર્યંત (૨૧-૨૦-૧૯-૧૮) પ્રકૃતિ બાંધે, સૂક્ષ્મસંપરાયવાળો સત્તર પ્રકૃતિ બાંધે. મોહરહિત (ઉપશાંતમોહ, ક્ષીણમોહ) અને સયોગી કેવળી સાતા વેદનીય બાંધે. ॥૭૨॥

એસો ઉ બંધસામિત્ત-ઓહો ગઇઆઇએસુ વિ તહેવ ।
ઓહાઓ સાહિજ્જઇ, જત્થ જહા પગઇસબ્ભાવો ॥ ૭૩ ॥

એ પૂર્વોક્ત ગુણસ્થાનનો બંધભેદ બંધસ્વામિત્વનો ઓઘ જાણવો. ગતિ આદિ માર્ગણાને વિષે પણ તેમજ-ઓઘ

કહ્યો તે પ્રમાણે (ત્રીજા કર્મગ્રંથ મુજબ) જે માર્ગણાસ્થાને જે પ્રકારે પ્રકૃતિનો સદ્ભાવ છે તે પ્રકારે કહેવું. ॥ ૭૩ ॥

તિત્થયર-દેવનિરયાઉઅં ચ તિસુ તિસુ ગઇસુ બોધવ્વં ।
અવસેસા પયડીઓ, હવંતિ સવ્વાસુ વિ ગઇસુ ॥ ૭૪ ॥

તીર્થંકર નામ, દેવાયુ અને નરકાયુ ત્રણ ત્રણ ગતિને વિષે જાણવી. બાકીની પ્રકૃતિઓ સર્વ ગતિને વિષે હોય છે. ॥ ૭૪ ॥

પઢમકસાયચઉક્કં, દંસણતિગ સત્તગા વિ ઉવસંતા ।
અવિરયસમ્મત્તાઓ, જાવ નિઅટ્ટિત્તિ નાયવ્વા ॥ ૭૫ ॥

પહેલા કષાયનું ચતુષ્ક, દર્શનમોહનું ત્રિક એ સાતે પ્રકૃતિઓ અવિરત સમ્યગ્દ્રષ્ટિથી માંડીને અપૂર્વકરણ પર્યંત ઉપશાંત થયેલી જાણવી. ॥ ૭૫ ॥

સત્તટ્ઠ નવ ય પનરસ, સોલસ અટ્ઠારસેવ ગુણવીસા ।
એગાહિ દુ ચઉવીસા, પણવીસા બાયરે જાણ ॥ ૭૬ ॥

અનિવૃત્તિબાદર સંપરાયે સાત, આઠ, નવ, પંદર, સોળ, અઢાર, ઓગણીશ, એકવીશ, બાવીશ, ચોવીશ અને પચીશ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી જાણો. ॥ ૭૬ ॥

સત્તાવીસં સુહુમે, અટ્ઠાવીસં ચ મોહપયડીઓ ।
ઉવસંતવીઅરાએ, ઉવસંતા હુંતિ નાયવ્વા ॥ ૭૭ ॥

સૂક્ષ્મસંપરાએ મોહનીય કર્મની સત્તાવીશ પ્રકૃતિઓ અને ઉપશાંતકષાય વીતરાગ ગુણસ્થાને અઠ્ઠાવીશ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી હોય છે એમ જાણવું ॥ ૭૭ ॥

પઢમકસાયચઉક્કં, ઇત્તો મિચ્છત્ત-મીસ-સમ્મત્તં ।
અવિરયસમ્મે દેસે, પમત્તિ અપમત્તિ ખીઅંતિ ॥ ૭૮ ॥

પહેલા કષાયનું ચતુષ્ક, પછી મિથ્યાત્વ મોહનીય,મિશ્ર મોહનીય અને સમ્યકત્વ મોહનીયં સમકાળે ક્ષય પામે છે. આ સાત પ્રકૃતિ અવિરતસમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અથવા અપ્રમત્તે ક્ષય પામે છે. ॥ ૭૮ ॥

અનિઅટ્ટિબાયરે થીણ, ગિદ્ધિતિગ-નિરયતિરિઅનામાઓ ।
સંખિજ્જઇમે સેસે, તપ્પાઉગ્ગાઓ ખીઅંતિ ॥ ૭૯ ॥

અનિવૃત્તિબાદર ગુણસ્થાનનો સંખ્યાતમો ભાગ બાકી રહ્યો છતે સ્ત્યાનગૃદ્ધિત્રિક, નરકગતિ અને તિર્યંચગતિ નામ કર્મની તત્પ્રાયોગ્ય (તેર) પ્રકૃતિઓ ક્ષય પામે છે. ॥૭૯॥

ઇત્તો હણઇ કસાય-ટ્ઠગંપિ પચ્છા નપુંસગં ઇત્થિં ।
તો નોકસાયછક્કં, છુહઇ સંજલણકોહંમિ ॥ ૮૦ ॥

એ પછી આઠ કષાયને ક્ષય કરે. પછી નપુંસક વેદ, સ્ત્રીવેદનો ક્ષય કરે. તે પછી છ નોકષાય સંજ્વલન ક્રોધને વિષે સંક્રમાવે છે. ॥ ૮૦ ॥

પુરિસં કોહે કોહં માણે માણં ચ છુહઇ માયાએ ।
માયં ચ છુહઇ લોહે, લોહં સુહુમંપિ તો હણઇ ॥ ૮૧ ॥

પુરુષવેદને સંજવલન ક્રોધમાં, ક્રોધને સંજવલન માનમાં અને માનને સંજવલન માયામાં સંક્રમાવે. માયાને સંજવલન લોભમાં સંક્રમાવે. તે પછી સૂક્ષ્મ લોભને પણ હણે છે. ॥ ૮૧ ॥

ખીણકસાયદુચરિમે, નિદ્દં પયલં ચ હણઇ છઉમત્થો ।
આવરણમંતરાએ, છઉમત્થો ચરમસમયંતિ ॥ ૮૨ ॥

છદ્મસ્થ ક્ષીણમોહ ગુણસ્થાનના દ્વિચરમ (ઉપાન્ત્ય) સમયે નિદ્રા અને પ્રચલાને ક્ષય કરે અને છેલ્લે સમયે નવ આવરણ અને પાંચ અંતરાયને ક્ષય કરે છે. ॥ ૮૨ ॥

દેવગઇસહગયાઓ, દુચરમસમયભવિઅંમિ ખીઅંતિ ।
સવિવાગેઅરનામા, નામાગોઅં પિ તત્થેવ ॥ ૮૩ ॥

બે છેલ્લા સમય છે (બાકી) જેનો તે એવા (દ્વિચરમ) ભવ્ય જીવને વિષે દેવગતિ સાથે બંધ છે જેનો એવી દશ પ્રકૃતિ ક્ષય પામે છે. વિપાકરહિત નામ કર્મની (૪૫) પ્રકૃતિ, નીચગોત્ર તથા વેદનીય ત્યાં જ ક્ષય પામે છે. ॥ ૮૩ ॥

અન્નયર-વેઅણીઅં, મણુઆઉઅ-મુચ્ચગોઅ-નવનામે ।
વેએઇ અજોગિજિણો, ઉક્કોસજહન્નમિક્કારા ॥ ૮૪ ॥

બાકી રહેલ એક વેદનીય મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર અને નામ કર્મની નવ પ્રકૃતિ અયોગિ જિન ઉત્કૃષ્ટપણે વેદે અને જઘન્ય અગ્યાર પ્રકૃતિ વેદે. ॥ ૮૪ ॥

મણુઅગઇ જાઇ તસ, બાયરં ચ પજ્જત્તસુભગમાઇજ્જં ।
જસકિત્તિ તિત્થયરં, નામસ્સ હવંતિ નવ એઆ ॥ ૮૫ ॥

મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્તનામ. સુભગનામ, આદેયનામ, યશઃકીર્તિ નામ અને તીર્થંકરનામ એ નવ પ્રકૃતિઓ નામકર્મની હોય છે. ॥ ૮૫ ॥

તચ્ચાણુપુવ્વિસહિઆ તેરસ ભવસિધ્ધિઅસ્સ ચરમંમિ ।
સંતંસગમુક્કોસં જહન્નયં બારસ હવંતિ ॥૮૬॥

મનુષ્યાનુપૂર્વી સહિત તેર સત્તા કર્મ પ્રકૃતિઓ તદ્ભાવ મોક્ષગામી અને અયોગિને છેલ્લે સમયે ઉત્કૃષ્ટ હોય અને જઘન્ય બાર હોય. ॥૮૬॥

મણુઅગઇ સહગાયાઓ ભવખિત્ત વિવાગ જિઅ વિવાગાઓ ।
વેઅણિ અન્નય રુચ્ચં ચરમ સમયંમિ ખીઅંતિ ॥ ૮૭ ॥

મનુષ્યગતિસાથે ઉદય છે જેનો એવી અગ્યાર પ્રકૃતિ તે- ભવવિપાકી (મનુષ્યાયુ), ક્ષેત્રવિપાકી, (મનુષ્યાનુપૂર્વી) અને જીવવિપાકી (નામકર્મના નવ) પ્રકૃતિઓ તથા એક વેદનીય અને ઉચ્ચગોત્ર ભવ્યસિદ્ધિધિકને છેલ્લા સમયે ક્ષય પામે છે. ॥ ૮૭॥

અહ સુઇઅસયલજગસિહર મરૂઅ નિરૂવમ સહાવ સિધ્ધિ સુહં ।
અનિહણ મવ્વા બાહં તિરિયણ સારં અણુ હવંતિ ॥ ૮૮ ॥

કર્મ ક્ષય થયા પછી એકાંત શુદ્ધ, સંપૂર્ણ, સાંસારિક સુખના શિખર તુલ્ય, રોગરહિત, ઉપમારહિત, સ્વાભાવિક,

નાશરહિત, બાધા (પીડા) રહિત અને ત્રણ રત્નના સારભૂત મોક્ષસુખને અનુભવે છે. ॥ ૮૮ ॥

દુરહીગમ નિઉણ પરમત્થ રૂઇર બહુભંગ દિટ્ઠિવાયાઓ ।
અત્થા અણુસરિઅવ્વા બંધોદયસંતકમ્માણં ॥ ૮૯ ॥

દુઃખે જાણી શકાય એવા. સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય, યથાસ્થિત અર્થવાળા, આનંદકારી અને બહુ ભાંગા છે જેને વિષે એવા દ્રષ્ટિવાદ સૂત્ર થકી બંધ, ઉદય અને સત્તાક્રમના વિશેષ અર્થો જાણવા. ॥ ૮૯ ॥

જો જત્થ અપડિપુન્નો અત્થો અપ્પાગમેણ બદ્ધોત્તિ ।
તં ખમિઉણ બહુસુઆ પુરેઉણં પરિકહંતુ ॥ ૯૦ ॥

અલ્પશ્રુત એવા મેં જ્યાં જે અપૂર્ણ અર્થ રચ્યો હોય તે ક્ષમા કરીને બહુશ્રુતો (તે તે અર્થની ગાથા) મેળવીને રૂડે પ્રકારે પ્રતિપાદન કરે. ॥ ૯૦ ॥

ગાહગ્ગં સયરીએ ચંદમહત્તરમયાણુસારીએ ।
તિગાઇ (ટીગાઇ) નિઅમિઆણં એગૂણા હોઇ નઉઇઓ ॥ ૯૧॥

ચંદ્રમહત્તરાચાર્યના મતને અનુસરવાવાળી સિત્તેર ગાથાવડે આ ગ્રંથ રચાયેલ છે (તેમાં) ટીકાકારે રચેલી નવી ગાથા ઉમેરતાં નેવાશી થાય છે. ॥ ૯૧ ॥

છઠ્ઠો કર્મ ગ્રંથ

પ્રભુને વધાવવાનું ગીત

પાર્શ્વનાથ પ્યારોને, મોતીડે વધાવો

મોતીડે વધાવોને, હીરલે વધાવો..પાર્શ્વનાથ...

હીરલે વધાવોને, ફૂલડે વધાવો

ફૂલડે વધાવોને, અક્ષતે વધાવો..પાર્શ્વનાથ...

પ્રભુને વધાવીને પાવન થઇશું

નાથને વધાવીને પાવન થઇશું

પાવન વધાવીને પાવન થઇશું

પાવન થઇને મોક્ષે સીધાવીશું ..પાર્શ્વનાથ...